RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 266 Dt. 18-1-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

## મોતનો ખેલ જલ્લીકટ્ટુમાં ૭ના મોત , ૪૦૦ ઘાયલ

### આયોજકોએ ૬૩૮ બુલ્સ અને ૨૩૨ બુલ ટ્રેનર્સને ભાગ લેવાની મંજૂરી આપી : ૨૫ દર્શકો, ૨૧ બળદ પ્રશિક્ષકો અને ૧૦ બળદના માલિકો સહિત ૫૬ લોકોને ઈજા થઈ



નવીદિલ્હી, તા. ૧૭

ત્રણેય સ્થળોએ મોટી સંખ્યામાં દર્શકો, બુલ ટ્રેનર્સ, બળદના માલિકો અને બળદોની હાજરી હોવા છતાં મદુરાઈ શહેર અને અલંગનાલ્લુર અને પાલમેડુમાં જલ્લીકટ્ટુની ઘટનાઓ સરળતાથી ચાલી હતી. આ કાર્યક્રમનું સલામત સંચાલન સુનિશ્ચિત કરવા માટે પોલીસ દ્વારા ઘણાં આયોજન અને અમલીકરણને કારણે તે સફળ ઘટના બની હતી. તેની શરૂઆત પોંગલના દિવસે અવનિયાપુરમ જલ્લીકટ્ટુથી થઈ હતી. આ પ્રદેશમાં પ્રથમ જલ્લીકટ્ટુ હોવાને કારણે, બુલ ટ્રેનર્સ અને માલિકો ઈવેન્ટમાં ભાગ લેવા આતુર હતા. ૧,૧૦૦ થી વધુ બળદો નોંધાયા હતા. જલ્લીકટ્ટુ એક વાર્ષિક પ્રસંગ બની ગયો છે, દર વર્ષે અમે ભૂતકાળના અનુભવમાંથી શીખીને સલામતીનાં પગલાં સુધારવાનો પ્રયાસ કરીએ છીએ, જ્યારે વાડીવાસલમાં જવાનો વારો આવે તેની રાહ જોતા બળદોને ધીરજ ગુમાવતા જોઈને, આ વખતે અમે બળદોને ૧૦૦ના જૂથમાં બોલાવ્યા હતા. પ્રાણીઓ દર કલાકે તેમની નોંધણીના આંકડાકીય ક્રમ અનુસાર, લગભગ એક કિલોમીટર સુધી સાંકડા રસ્તાઓ પર ચાલે છે. ગુરુવારે રાજ્યના વિવિધ ભાગોમાં આયોજિત જલ્લીકટ્ટુ અને તેની સાથે સંકળાયેલ બુલ ટેમિંગ ઈવેન્ટ્સમાં છ દર્શકો સહિત સાત લોકો માર્યા ગયા હતા અને ૪૦૦ થી વધુ ઘાયલ થયા હતા. તેમાંથી એકનું શિવગંગાઈ જિલ્લાના સિરવાયલ મંજુવિરટ્ટુ ખાતે બળદના શિંગથી ઘાયલ થયા બાદ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. અન્ય પીડિત મદુરાઈમાં અલંગનાલ્લુર જલ્લીકટ્ટુનો દર્શક હતો, જ્યારે અન્ય બે લોકો મધ્ય જિલ્લાઓમાં અલગ-અલગ જલ્લીકટ્ટુ ઈવેન્ટમાં મૃત્યુ પામ્યા હતા.

કૃષ્ણાગિરી જિલ્લાના બસથલાપલ્લી ખાતે યોજાયેલી આખલાની સ્પર્ધા એરુથુ વીદુમ વિઝામાં 30 વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જ્યારે સાલેમ જિલ્લાના સેંથારાપટ્ટી ખાતે આયોજિત જલ્લીકટ્ટુ ખાતે આખલાના હુમલામાં ૪૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. અન્ય એક ઘટનામાં, એક બળદનો માલિક તેના બળદ સાથે ટાંકીમાં ડૂબી ગયો જ્યારે તે સિરવાયલ વિસ્તારમાંથી ભાગી ગયેલા પ્રાણીને એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

પુડુકોટ્ટાઈ, કરુર અને ત્રિચી જિલ્લામાં જલ્લીકટ્ટુની ઘટનાઓમાં કુલ ૧૫૬ લોકો ઘાયલ થયા હતા. સિરવાયલમાં મૃત્યુ પામેલા ૪૨ વર્ષીય વ્યક્તિની ઓળખ દેવકોટ્ટાઈના એસ સુબૈયા તરીકે થઈ હતી. પ્રખ્યાત અલંગનાલ્લુર જલ્લીકટ્ટુમાં ૧૭ બળદ માલિકો અને ૩૩ દર્શકો સહિત ૭૬ લોકો ઘાયલ થયા હતા. તેમાંથી, મેટ્ટુપટ્ટીના ૫૬ વર્ષીય પી પેરિયાસામી, જેઓ કાર્યક્રમ જોવા માટે આવ્યા હતા, સારવાર વિના મૃત્યુ પામ્યા હતા.

અન્ય જલ્લીકટ્ટુનું આયોજન પુડુકોટ્ટાઈ જિલ્લાના વાન્નિયન વિદુથી ખાતે કરવામાં આવ્યું હતું, જેને મંત્રી શિવ વી મયનાથન દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. આયોજકોએ ૬૩૮ બુલ્સ અને ૨૩૨ બુલ ટ્રેનર્સને ભાગ લેવાની મંજૂરી આપી હતી. કુલ મળીને, ૩૮ લોકોને ઈજાઓ પહોંચી હતી અને તબીબી ટીમો દ્વારા બહારના દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

ત્રિચીમાં, જલ્લીકટ્ટુનું આયોજન વલનાડુ નજીક અવરંગડુ ખાતે થયું હતું, જ્યાં ૨૫ દર્શકો, ૨૧ બળદ પ્રશિક્ષકો અને ૧૦ બળદના માલિકો સહિત ૫૬ લોકોને ઈજા થઈ હતી. આ ઈવેન્ટમાં ૫૯૦ બુલ્સ અને ૨૩૭ બુલ ટ્રેનર્સે ભાગ લીધો હતો.

## બેટ દ્વારકામાં ૧.૧૪ લાખ ચો.મી. જગ્યા પરથી દબાણો દૂર

### મેગા ડિમોલિશન ડ્રાઈવમાં હજુ પણ ફરશે બુલડોઝર દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર મક્કમ









રાજકોટ, તા. ૧૭

સમગ્ર દેશ અને રાજ્યમાં હાલ જે ગેરકાયદે દબાણો જોવા મળે છે તેને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે એટલું જ નહીં ગુજરાતના દરિયાકાંઠો વિસ્તાર ખૂબ વિશાળ છે પરંતુ ત્યાંથી પણ જે રીતે ઘૂસણખોરી થઈ રહી છે તેને અટકાવવા માટે હાલ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેને ધ્યાને લઈને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા સાત દિવસથી ડિમોલિશનની કામગીરી ચાલુ છે. મળતી માહિતી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકામાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું જેમાં ગત છ દિવસમાં કુલ ૧.૧૪ લાખથી વધુ ચોરસ મીટરની સરકારી જગ્યા ખુલી કરવામાં આવી જેના પણ દબાણો કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બેટ દ્વારકાના હનુમાન દાંડી રોડ પર અનેક દબાણો દૂર કરવામાં આવ્યા છે અને જે જગ્યાઓ ખુલી કરાવવામાં આવી છે તેની અંદાજિત કિંમત ૬૦ કરોડથી વધુની છે. બુલડોઝર એક્શનમાં ૩૭૬ ગેર કાયદેસર મકાનો ૧૩ ધાર્મિક દબાણો તેમજ ૯ વાણિજ્ય દબાણો મળી કુલ ૩૯૮ દબાણો દુર કરાયા છે. હજું પણ બેટ દ્વારકા ખાતે ગેર કાયદેસર દબાણ કરનારાઓને તંત્રએ નોટિસ ફટકારી છે. પીરોટન ટાપુ પરથી ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરાયા. જેટી, લેન્ડિંગ પોઈન્ટની સુરક્ષા માટે યોગ્ય પગલા લેવામાં આવશે તેવી માહિતી સામે આવી રહી છે. મળતી માહિતી મુજબ દ્વારકા અને જામનગરમાં કુલ સંયુક્ત રીતે ૩૫ ટાપુ આવેલા છે જેમાં હાલ દ્વારકા ના ૨૩ ચાપુઓ પરથી દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. ગુજરાતના દ્વારકાનો આ વિસ્તાર બોર્ડર પાસે આવેલ હોવાથી વધુ સંવેદનશીલ છે. આ વિસ્તારથી પાકિસ્તાન નજીક હોવાથી ટાપુઓની સુરક્ષા વધુ મહત્વની બને છે. પવિત્ર યાત્રાધામ બેટ દ્વારકા અને ઓખા ખાતે તંત્ર દ્વારા ડિમોલેશનની કામગીરી હાથ ધરાઈ. આજે ડિમોલેશન મેરેથોન ડ્રાઈવનો સાતમો દિવસ હતો ત્યારે બાલાપર ગામ પછીના પાર વિસ્તારમાં સહિત ટાપુ પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા. રહેણાંક મકાનો પર બુલડોઝર ફેરવવાને લઈને કેટલાક તત્ત્વો દ્વારા વિરોધ પણ કરવામાં આવ્યો. જો કે આ મામલો દેશની સુરક્ષા સાથે સંકળાયેલ હોવાથી તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. દ્વારકાના દરિયાઈ માર્ગથી દુશ્મન દેશના લોકોની ઘૂસણખોરી તેમજ આતંકવાદી ગતિવિધિ વધવાની સંભાવનાને નકારી શકાય નહીં. દરિયાઈ માર્ગના કારણે આ વિસ્તાર અનૈતિક પ્રવૃતિઓ માટે વધુ સંવેદનશીલ માનવામાં આવે છે. અને એટલે જ આ વિસ્તારમાં બહુ જલદી લોકો નકલી દસ્તાવેજ બનાવી રહેણાંક મકાનમાં સરળતાથી વસવાટ કરી લે છે. આથી જ તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે ડિમોલેશન કાર્યવાહીમાં કડક વલણ અપનાવવામાં આવ્યું હોવાનું રાજકોટ રેન્જ ઈંઋ અશોક યાદવે નિવેદન આપ્યું.

## રશિયન સેનામાં ૧૨૬ ભારતીય જવાન : ૧૬ લાપતા



### મોસ્કોમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા મુજબ ૧૨૬ માંથી ૯૬ ફર્યા પરત : અથડામણમાં ૧૨ શહિદ

નવીદિલ્હી, તા. ૧૭

વિદેશ મંત્રાલય (MEA) એ શુક્રવારે (૧૭ જાન્યુઆરી, ૨૦૨૪) જણાવ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધમાં લડવા માટે ઓછામાં ઓછા ૧૨૬ ભારતીયો રશિયન સેનામાં જોડાયા હોવાના કિસ્સાઓથી સરકાર વાકેફ છે, જે દર્શાવે છે કે તેમ છતાં તેમને રોકવાના પ્રયાસો ચાલુ છે સંખ્યા સતત વધી રહી છે. જારી કરાયેલા તાજેતરના ડેટા અનુસાર, મોસ્કોમાં ભારતીય દૂતાવાસને જાણ કરવામાં આવેલા ૧૨૬ ભારતીયોમાંથી ૯૬ અત્યાર સુધીમાં ભારત પરત ફર્યા છે. બાકીનામાંથી, અથડામણમાં ૧૨ માર્યા ગયા છે, જેમાં કેરળના એક વ્યક્તિનો સમાવેશ થાય છે જેનું ગયા અઠવાડિયે મૃત્યુ થયું હતું અને એક જે મોસ્કોની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૧૬ ''ગુમ'' હોવાનું માનવામાં આવે છે કારણ કે અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ હાલમાં શોધી શકતા નથી. તેમના ઠેકાણાઓ જાણી શકાયા નથી, અને રશિયન પક્ષે તેમને ગુમ તરીકે વર્ગીકૃત કર્યા છે,'' એમઈએના પ્રવક્તા રણધીર જયસ્વાલે આંકડાઓની વિગતો આપતા જણાવ્યું હતું. તાજેતરના બે મૃત્યુ અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતીય દૂતાવાસના અધિકારીઓ ખાતરી કરવા માટે રશિયન અધિકારીઓના સંપર્કમાં છે. કેરળના થ્રિસુર જિલ્લાના ૩૨ વર્ષીય બિનિલ બાબુના નશ્વર અવશેષો, જેઓ ગયા અઠવાડિયે ડ્રોન હુમલામાં ઘાયલ થયા હતા, તેઓ મૃત્યુ પામે તે પહેલાં શક્ય તેટલી વહેલી તકે ભારત પાછા લાવવામાં આવે છે. બાબુ કથિત રીતે દૂતાવાસના સંપર્કમાં હતો અને તેના પિતરાઈ ભાઈ જૈન કુરિયન, ૨૭, સારવાર હેઠળ છે અને હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી ભારત પરત ફરશે. જારી કરાયેલા તાજેતરના ડેટા અનુસાર, મોસ્કોમાં ભારતીય દૂતાવાસને જે ૧૨૬ ભારતીયો વિશે માહિતી આપવામાં આવી છે, તેમાંથી ૯૬ અત્યાર સુધીમાં ભારત પરત ફર્યા છે. બાકીનામાંથી, અથડામણમાં ૧૨ માર્યા ગયા છે, જેમાં કેરળના એક વ્યક્તિનો સમાવેશ થાય છે જેનું ગયા અઠવાડિયે મૃત્યુ થયું હતું, અને એકની મોસ્કોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ૧૬ લોકો ''ગુમ'' હોવાનું માનવામાં આવે છે, કારણ કે સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેઓ હાલમાં શોધી શકતા નથી.

## સર્વિસ ક્ષેત્રના વેગ માટે સર્વિસ કમિશનરેટની રચના

### ગુજરાત સરકાર આગામી બજેટમાં આ અંગે નિર્ણય લઈએ તેવી સંભાવના : ઉત્પાદન ક્ષેત્રની સાથોસાથ સર્વિસ ક્ષેત્રને વિકસિત કરવો સરકારનો લક્ષ્ય



રાજકોટ, તા..૧૭

રાજ્ય સરકારની સાતસો સાત કેન્દ્ર સરકાર ઉદ્યોગોને વેગ મળે તે માટે અનેકવિધ યોજનાઓ બનાવી રહી છે અને તેની અમલવારી પણ કરવામાં આવી રહી છે ત્યારે સમગ્ર વિશ્વમાં ગુજરાત ઉત્પાદન અને ઉદ્યોગ ક્ષેત્રે એક અલગ નામના મેળવી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઉત્પાદન ક્ષેત્રે ઉદ્યોગો હબ બને તે માટે હવે સર્વિસ સેક્ટરમાં સર્વિસ કમિશનરેટની રચના કરવા માટેનો એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર આ વખતે ના અંદાજપત્રમાં સર્વિસ કમિશનરેટની રચના કરવા અંગેની જાહેરાત કરે તેવું હાલ માનવામાં આવી રહ્યું છે. ઉત્પાદન ક્ષેત્રે કમિશનરેટની કામગીરી અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે જેના પગલે વિવિધ ક્ષેત્રમાં ઉત્પાદનને લઈ ગુજરાત તેમની પ્રથમ પસંદગી પણ માનવામાં આવે છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા નિકાસને વધુને વધુ મહત્વ મળે તે માટેનો ખાસ રોડ મેપ પણ તૈયાર કરવામાં આવ્યો છે ત્યારે સર્વિસ ક્ષેત્રે દેશમાં નિકાસની હરણફાળ ભરવામાં આવે તે માટે હાલ કર્ણાટક આંધ્ર પ્રદેશ મહારાષ્ટ્ર તથા તામિલનાડુ જેવા રાજ્યો અવ્વલ ક્રમે છે.

ગુજરાત પાસે તમામ સહુલતો અને સગવડતા હોવા છતાં જે ગતિથી વિકાસ થવો જોઈએ તે થયો નથી કારણ કે એ તમામ રાજ્યોમાં સર્વિસ કમિશનરેટની રચના કરવામાં આવેલી છે ત્યારે હવે ગુજરાત પણ આ દિશામાં વિચાર કરી રહ્યું છે. જો આ વાત શક્ય બને તો ગુજરાતને ઘણો મોટો ઉદ્યોગ ક્ષેત્રે અને ઉત્પાદન ક્ષેત્રે ફાયદો થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

બીજી તરફ દેશના જીડીપીમાં ગુજરાતના સર્વિસ સેક્ટરનો ફાળો ૩૨% થી વધુ છે તેને વધારી ૫૪% કરવામાં આવે તે માટે સરકાર દ્વારા હાલ દરેક સંભવત પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે.

આ માટે રાજ્ય સરકાર અને નાણા વિભાગ દ્વારા સર્વિસ કમિશનરેટ નું માચડો તૈયાર કરવા માટેનો હાલ પ્લાન તૈયાર કરી દીધો છે. મહત્વનું એ છે કે જો ગુજરાતમાં સર્વિસ કમિશનરેટની સ્થાપના થશે તો ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ આવશે અને જે અન્ય પ્રશ્નો લોકો માટે ચિંતા નો વિષય બનતા તેમાં પણ ઘણાખરા અંશે ઘટાડો જોવા મળશે.

મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર આ અંગેનો નિર્ણય લેવા માટે કોરોના કાર્ડથી જ વિચાર કરતી હતી કારણ કે સર્વિસ ક્ષેત્ર એ રોજગારી ઉત્સર્જન માટેનું એક મહત્વનું માધ્યમ બન્યું છે ત્યારે રાજ્યમાં સર્વિસ ક્ષેત્રને અત્યાર સુધી જે પ્રોત્સાહન મળવું જોઈએ તે મળ્યું નથી અને આ માટે ખાસ યોજનાઓ પણ બનાવવામાં આવી રહી છે.

ગુજરાત ઉત્પાદન કરવામાં આવેલ છે અને સમગ્ર વિશ્વની નજર પણ હવે ગુજરાત તરફ વળી છે સાથોસાથ એક ભરોસો પણ ગુજરાતે સ્થાપિત કર્યો છે ત્યારે આ તમામ પરિબળોને ધ્યાને લઈ સર્વિસ ક્ષેત્રમાં રોજગારીનું ઉત્સર્જન થાય તે માટે રાજ્ય નવા રેકોર્ડ બનાવવા માટે તમામ પ્રયત્નો કરી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અને ઔદ્યોગિક તજજ્ઞોના માનવા મુજબ હાલ આઈ ટી, પ્રવાસન, આરોગ્ય, શિક્ષણ જેવા સર્વિસ ક્ષેત્રોમાં ગુજરાત મહત્વનું યોગદાન આપી રહ્યું છે ત્યારે ગુજરાતમાં સર્વિસ ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે હવે ખૂબ જરૂરી છે. રાજ્ય સરકાર પણ આ દિશામાં યોગ્ય કરવા માટે વિચાર કરી રહ્યું છે.

### કૈસા યે ઈશ્ક હૈ? પાંચ વર્ષની પ્રેમ કહાનીનો એકની હત્યા સાથે આવ્યો કરૂણ અંત

# પ્રેમિકા પારકા કામે જતી એ ન ગમ્યું: પ્રેમીએ પતાવી દીધી

## વિધવા અને પ્રેમી બંને પતિ-પત્નિની જેમ રહેતાં હતાં: અગાઉ પિતા ગુમાવનારી બે સગીર દિકરીએ હવે માતા પણ ગુમાવી: હત્યારો ઝડપાઇ ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટ: અઢી અક્ષરના ઈશ્ક પ્રેમ લવમાં સ્નેહ, વિશ્વાસ, સમર્પણના પાયા હચમચી જાય તો પરિણામ માઠુ આવી શકે. આવા જ એક બનાવમાં પ્રેમીએ વિધવા પ્રેમિકાની હત્યા કરી નાંખી છે. પતિના અવસાન પછી પડોશી શખ્સ સાથે વિધવાને પ્રેમ થઇ જતાં પાંચેક વર્ષથી બંને સાથે રહેતાં હતાં. પરંતુ આ મહિલા ઘરકામ કરવા માટે જતી હોઇ તેના કારણે પ્રેમીને શંકા ઉપજતી હોઇ તેણે ડખ્ખો કર્યો હતો અને તું ઘરકામ કરવા જાય છે એ મને ગમતું નથી કહી કુહાડીના ઘા મારી તેણીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. હત્યાની બીજી એક ઘટનામાં સામાન્ય બોલચાલીમાં બે શખ્સોએ ત્રણ યુવાનો પર છરીથી હુમલો કરી એકની લોથ ઢાળી દીધી હતી.

હત્યાની ઘટના પર નજર કરીએ તો કૈસા યે ઇશ્ક હૈ? એવો સવાલ પુછવા મજબૂર થઇ જવાય તેવી આ ઘટના છે. અંકલેશ્વરના માટીએડ ગામે પ્રેમીએ પ્રેમિકાને કુહાડીના ઘા ઝીકી હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. હત્યાનો ભોગ બનનાર મહિલાના પતિનું પંદર વર્ષ પહેલાં ડૂબી જવાના કારણે મૃત્યુ થયું હતું. છેલ્લા પાંચવર્ષથી તે તેના બે સંતાનો સાથે પાડોશી સાથે રહેતી હતી. વિધવા મહિલા ગામમાં ઘરકામ માટે જતી હોવાથી તે પ્રેમીને પસંદ ન હતું. આ બાબતે બંને વચ્ચે ઝઘડાઓ પણ થતાં હતાં. આખરે પ્રેમીએ કુહાડી મારી તેની હત્યા કરી નાખી હતી. પોલીસે આરોપી પ્રેમીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાનો ભોગ બનનારને બે સગીર દીકરી છે. જેણે પિતા બાદ માતાને પણ ગુમાવી દીધી છે. માટીએડ ગામનાઆડત્રીસ વર્ષીય સુશીલા દશરથ વસાવાના પતિનું પંદર વર્ષ અગાઉ ડૂબી જવાના કારણે મૃત્યુ થયું હતું. સુશીલાને સંતાનમાં બે સગીર દીકરી છે.

સુશીલા ગામમાં ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતાં. આ દરમિયાન તેની આંખો પાડોશમાં રહેતાં અને મજૂરીકામ કરતાં કાલીદાસ ગોમાન વસાવા સાથે મળી હતી. બંને વચ્ચે છેલ્લા પાંચ વર્ષથી પ્રેમ સંબંધ બંધાયો હતો. કાલીદાસ અને સુશીલા બંને પતિ અને પત્નિની જેમ રહેતાં હતાં. સુશીલાને કાલીદાસ ગામમાં ઘરકામ બંધ કરી દેવા માટે દબાણ કરતો હોવાથી બંનેના સંબંધમાં ખટાશ



**હત્યાની બીજી ઘટનામાં નજીવી બોલાચાલીમાં બે શખ્સોએ ત્રણ યુવાનને છરીના ઘા ઝીંક્યા: એકની લોથ ઢળી**

આવી હતી અને ઝઘડાઓ શરૂ થઇ ગયાં હતાં. દરમિયાન કાલીદાસ સુશીલાના ઘરે કુહાડી લઇને આવ્યો હતો અને તેની સાથે લાકડા કાપવા આવવા માટે કહયું હતું પણ સુશીલાએ ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને કુહાડીના ઘા મારી દેતાં સુશીલાને ગંભીર ઇજા પહોંચી હતી.

ઇજાના પગલે તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. બનાવની જાણ સુશીલાના ભાઇ રાજેશને થતાં તે સ્થળ પર દોડી આવ્યો હતો અને પોલીસને જાણ કરી હતી. પોલીસે ગણતરીના સમયમાં જ આરોપી કાલીદાસને ઝડપી પાડયો હતો. બે દીકરીઓએ પિતા બાદ હવે માતાનું છત્ર પણ ગુમાવી દેતાં ગમગીની ફેલાઇ હતી.હત્યાની બીજી ઘટના વડોદરા લક્ષ્મીપુરા ગામમાં પાનના ગલ્લા ઉપર ભેગા થયેલા યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં ચાર યુવાનોએ ભેગા મળી ત્રણ યુવાનો ઉપર ગુપ્તીથી હુમલો કર્યો હતો. જેમાં એક યુવાનને પગના થાપાના ભાગે, બીજાને હાથમાં અને ત્રીજાને પેટમાં ગુપ્તી હુલાવી દેતા ગંભીર ઇજા પામેલા યુવાનનું મોત નીપજ્યું હતું. મોડી રાત્રે સામાન્ય ઝઘડામાં ખેલાયેલા ખૂની ખેલના આ બનાવે સનસનાટી મચાવી મૂકી હતી. આ બનાવ અંગે તાલુકા પોલીસે ફરાર થઇ ગયેલા ચાર હત્યારાઓ સામે હત્યાનો ગુનો દાખલ કરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લક્ષ્મીપુરા ગામમાં વિઠ્ઠલભાઇનો પાનનો ગલ્લો આવેલો છે. આ ગલ્લા ઉપર લક્ષ્મીપુરા ગામમાં અંબેમાતાના ફળિયામાં રહેતો સંજય સુરેશભાઇ સોલંકી, તેના પાદરા તાલુકાના સાંગમા ગામમાં રહેતા કાકા હરેશ હરમાનભાઇ સોલંકી અને નિલેશ વખતસિંહ પઢીયાર વાતો કરી રહ્યા હતા. તે સમયે લક્ષ્મીપુરા ઇન્દીરા આવાસમાં રહેતો વિજય ઉર્ફ ઓકી જગદીશભાઇ સોલંકી, લક્ષ્મીપુરા ગ્રીનલેન્ડ પાર્કમા રહેતો યશપાલ હસમુખભાઇ પરમાર, લક્ષ્મીપુરા ખોડીયાર નગરમાં રહેતો અજય ઉર્ફ અજલો ગણપતભાઇ સોલંકી અને લક્ષ્મીપુરા ઇન્દીરા આવાસમાં રહેતો કમલેશ લક્ષણભાઇ વાદી આવી પહોંચ્યા હતા.ત્યારબાદ સંજય સોલંકી અને વિજય ઉર્ફ ઓકી સોલંકી વચ્ચે જુની અદાવતને લઇ સામાન્ય બોલાચાલી શરૂ થઇ હતી. જોતજોતામાં સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેમાં વિજય ઉર્ફ ઓકીએ પોતાની પાસેની ગુપ્તીથી સંજય સોલંકીના પગના છાપામાં ઇજા પહોંચાડી હતી. વિજયે હુમલો કરતાં સંજયનો મિત્ર નિલેશ વચ્ચે પડતાં હુમલાખોર વિજયે તેના હાથ ઉપર ગુપ્તીનો ઘા કરી દીધો હતો. તે સાથે આ ઝઘડામા વચ્ચે પડેલા ચાલીસ વર્ષિય મહેશ હરમાનભાઇ સોલંકીના પેટમાં ગુપ્તી હુલાવી દીધી હતી. તે સાથે હુમલાખોર વિજય ઉર્ફ ઓકીના મિત્રોએ ઇજાગ્રસ્તોને ગડદાપાટુનો માર માર્યો હતો. આ ડખ્ખામાં મહેશ સોલંકીની હત્યા થઇ ગઇ હતી. સામાન્ય ઝઘડામાં વાત હત્યા સુધી પહોંચી ગઇ હતી.

# સૌ. યુનિ.ની રમત-ગમત ક્ષેત્રે ઉંચી ઉડાન

## ઈતિહાસમાં સૌપ્રથમવાર નેશનલ હેન્ડબોલ મેન ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ ચેમ્પિયન

રાજકોટ, તા. ૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌપ્રથમવાર નેશનલ હેન્ડબોલ મેન ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ ચેમ્પિયન બની છે. આ ટુર્નામેન્ટની કલોઝીંગ સેરેમની ક્રિકેટ ગ્રાઉન્ડ, સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે માનનીય કુલપતિની અધ્યક્ષતામાં યોજાઈ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હેન્ડબોલની ટીમ, કોચ તથા શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબાને શુભેચ્છાઓ પાઠવી. આ તકે કુલપતિએ જણાવ્યું હતું કે, ઘરઆંગણે નેશનલ હેન્ડબોલ મેન ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગૌરવ અનુભવે છે. ગુજરાત રાજય સરકાર પણ રમત ગમત ક્ષેત્રમાં યુવાનો ખુબ આગળ આવે એ માટે વિવિધ સુવિધાઓ આપીને રમતવીરોના કૌવતને ઉંચી ઉડાન આપવાનું કાર્ય કરી રહી છે. આગામી ઓલ્મિપકનું પ્રતિનિધિત્વ ભારત કરનાર છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઓલમ્પિકમાં ભાગલે એવી શુભેચ્છાઓ. સૌરાષ્ટ્રના યુવાનોમાં હીર અને કૌવત રહેલું છે. મને ખુબ આનંદ થાય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં આવો અવસર પ્રાપ્ત થયો છે.

અંતમાં કુલપતિએ સમગ્ર



**સમગ્ર ભારતની ૭૦ યુનિવર્સિટીઓએ ભાગ લીધો એમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ચેમ્પિયન બની**

**પ્રથમ ક્રમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, બીજા ક્રમે પારૂલ યુનિવર્સિટી, ત્રીજા ક્રમે બાબાસાહેબ મરાઠાવાળા યુનિવર્સિટી, ચોથા ક્રમે સ્વર્ણીમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી વિજેતા બની**

શારીરિક શિક્ષણ વિભાગના કર્મચારીઓ, પી.ટી. આઈ., સમગ્ર યુનિવર્સિટી ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં પ્રથમ ક્રમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, બીજા ક્રમે પારુલ યુનિવર્સિટી, ત્રીજા ક્રમે બાબાસાહેબ મરાઠાવાળા યુનિવર્સિટી, ચોથા ક્રમે સ્વર્ણીમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી વિજેતા બની છે. હવે આ ચારેય ટીમો ઓલ ઈન્ડિયામાં રમશે.

શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબાએ જણાવ્યું હતું કે, ઈતિહાસમાં ઓલ ઈન્ડિયામાં પ્રથમવાર ચાર માંથી ત્રણ ટીમ ગુજરાતની, ગુજરાત માટે ગૌરવની વાત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની છે એ ન ભુતો ન ભવિષ્યતિ એવી ક્ષણ છે. આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામક અને સ્પોર્ટસના હેન્ડબોલના ખેલાડી તરીકે ખુબ ગૌરવ અનુભવું છું. ડો. રાબાએ ભાગ લેનાર તમામ ટીમોને અભિનંદન પાઠવ્યા હતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મહેમાન બન્યા એ બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આગામી સમયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયામાં ઉચ્ચ દેખાવ કરે અને ટ્રોફી મેળવે એવી આશા વ્યક્ત કરી હતી.

અલગ અલગ યુનિવર્સિટીઓના હેન્ડબોલ ખેલાડીઓએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રહેઠાણ, ભોજન, ગ્રાઉન્ડ અને ટ્રાન્સ્પોર્ટેશનની ઉતમ વ્યવસ્થાઓ કરવામાં આવી જેનો ખુબ આનંદ છે. અમે આવી સુંદર વ્યવસ્થા ક્યાય જોઈ નથી. અમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવીને ખુબ આનંદ થયો છે.

### હવસખોરી, છેડતી, પજવણીની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો: વધુ બે કિસ્સાએ ચોંકાવ્યા

# નર્સ પર હોસ્પિટલમાં જ ટેક્નીશીયન અશરફે ગુજાર્યો બળાત્કાર

## માથે જતાં ખૂનની ધમકી દીધી: હિમત કરી અભયમને જાણ કરતાં પોલીસે કરી કાર્યવાહી: બીજા કિસ્સામાં નવ વર્ષની બાળાની ઓગણચાલીસ વર્ષના ઢગાએ છેડતી કરી: ત્રીજા બનાવમાં બહેનને મેસેજ કરી પજવતાં શખ્સને ટપારતાં ભાઇ પર હુમલો

રાજકોટ: હવસખોરી, દૂષ્કર્મ, છેડતી, પજવણીની સતત બની રહેલી ઘટનાઓમાં વધુ બે બનાવ ઉમેરાઇ ગયા છે. એક કિસ્સામાં નર્સને વિધર્મી શખ્સે ઉંચકીને ત્રીજા માળે લઇ જઇ ઓપરેશન થીએટરની બહાર દૂષ્કર્મ આચરી લીધુ હતું. આ મામલે રેડીયોલોજી વિભાગના ટેકનીશીયન સામે પોલીસે બળાત્કારનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. બીજા બનાવમાં નવ વર્ષની બાળાને એક ઓગણચાલીસ વર્ષના ઢગાએ ચાળા કરી લીધા હતાં.



દૂષ્કર્મની ઘટના પર નજર કરીએ તો આ બનાવ વડોદરામાં બન્યો છે. ગામ કે શહેર કોઇપણ હોય આ પ્રકારની ઘટનાઓમાં ચોંકાવનારો વધારો થઇ રહ્યો છે. રોજબરોજ કોઇને કોઇ હેવાન શૈતાનીયત પર ઉતરી આવતો હોવાનું પોલીસ ચોપડે નોંધાઇ રહ્યું છે. સુભાનપુરા વિસ્તારની એક હોસ્પિટલમાં નર્સ રિસેપ્શન ટેબલ પર બેઠી હતી ત્યારે ટેકનીશીયન શખ્સ ત્યાં પહોંચ્યો હતો અને તેણીને ત્રીજા માળે લઇ ગયો તો ત્યાં તેની સાથે બળજબરી આચરી લીધી હતી. પોલીસે જાહેર કરેલી વિગતો મુજબ શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં કામ કરતી નર્સ પર હોસ્પિટલમાં રહેતા અશરફ ચાવડાએ દુષ્કર્મ આચર્યુ હતું. ઘટના બાદ નર્સે અભયમનો સહારો લઈ પોલીસ ફરિયાદ કરતા પોલીસે એટ્રોસિટી અને દુષ્કર્મ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડતા ભારે ઉત્તેજના ફેલાઈ હતી. સુભાનપુરાની ખાનગી હોસ્પિટલના ચોથા માળે રહેતો અશરફ જીણાભાઇ ચાવડા હોસ્પિટલના રેડિયોલોજી વિભાગમાં ટેકિનશિયન છે.

દોઢ મહિના અગાઉ આ હોસ્પિટલમાં નર્સ નોકરીમાં જોડાઈ હતી. વાસી ઉત્તરાયણના દિવસે સાંજે નર્સ રિસેપ્શાન પર બેઠી હતી. તે સમયે અશરફ ત્યાં આવ્યો હતો અને નર્સને ઉંચકીને ત્રીજા માળે લઈ ગયો હતો. ત્રીજા માળે ઓપરેશન થિયેટર પહેલા આવેલા રૂમમાં તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. પોતાની સાથે આવી બળજબરી થઇ જતાં ઘટના બાદ હેબતાઈ ગયેલી નર્સે આ અંગે કોઈને વાત કરી ન હતી. પરંતુ તેણીએ હિંમત દાખવી અભયમનો સંપર્ક કર્યો હતો. નર્સે અભયમની પાસે મદદ માંગતા ગોરવા પોલીસનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. જ્યાં ઉચ્ચ અધિકારીઓએ પણ નર્સ સાથે વાતચીત તેણીએ હોસ્પિટલમાં જ નોકરી કરતા અશરફ ચાવડાએ તેની સાથે દુષ્કર્મ કર્યું હોવાની ફેફીયત રજૂ કરી હતી. બીજી તરફ અભયમની ટીમ હોસ્પિટલ ખાતે પહોંચતા જ મોટી સંખ્યામાં લોક ટોળા થર્ડ પર દોડી ગયા હતા.

યુવતીનું નિવેદન અને બનાવવાની ગંભીરતાને જોઈ પોલીસ પર સતર્ક બની હતી. અને યુવતીને લઇ ગોરવા પોલીસ મથકે પહોંચી હતી. જ્યાં નર્સ યુવતીના નિવેદનના આધારે અશરફ ચાવડા વિરુદ્ધ એટ્રોસિટી અને દુષ્કર્મનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ ઘટનાની જાણ થતાની સાથે જ હોસ્પિટલની બહાર લોકોનો ટોળા ઉમટી પડયા હતા. તપાસમાં ખુલ્યા મુજબ આરોપી અશરફ નર્સ યુવતીને ઉચકીને ત્રીજા માટે લઈ ગયો હતો. જ્યાં યુવતીની મરજી વિરુદ્ધમાં દુષ્કર્મ કર્યું હતું. અશરફે યુવતીને ધમકી આપતા કહ્યું હતું કે જો તેણે આ બનાવ વિશે કોઈને જાણ કરી તો, તે યુવતીના રિલેશન વિશે તેના માતા પિતાને જાણ કરી દેશે. અશરફની ધમકીના પગલે યુવતી થોડા સમય માટે હેબતાઈ ગઈ હતી. જો કે ત્યારબાદ તેને હિંમત બતાવી અભયમની મદદ લીધી હતી. પોલીસે આરોપીને ઝડપીલેવા કાર્યવાહી કરી હતી.

બીજી ઘટનાની વિગતો જોઇએ સુરતના વેડરોડ કુબેરનગર સોસાયટીમાં રહેતી નવ વર્ષીય બાળકીની ચેતન સવાણી નામના યુવાને છેડતી કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વેડરોડ કુબેરનગર-૧ ખાતે રહેતા ચેતન કાળુ સવાણી કે જેની ઉપર ઓગણચાલીસ વર્ષની છે અને તે ડ્રાઈવિંગનું કામ કરે છે. ચેતને તેની જ સોસાયટીમાં જ રહેતી નવ વર્ષીય કિશોરીનો હાથ પકડી લઈ પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. જેની છેડતી કરી તે પરિવાર અનુસૂચિત જાતિનો હોય આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે એટ્રોસિટી એક્ટ તેમજ છેડતીની કલમો નોંધી હતી.શહેરમાં છેડતીનાં બનાવો વધી રહ્યાં છે. રોડ રોમિયો થઈને ફરતાં પરિણીત હોય કે યુવક હોય એકલી યુવતી-મહિલા કે બાળાની છેડતી કરનારા વિકૃતો વધી રહ્યાં છે.

ત્રીજી એક ચોંકાવનારી ઘટનામાં વરાછામાં રહેતા યુવક ઉપર ચાર ગોહીલ બંધુઓએ હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. યુવકની માસીની દીકરીને હુમલો કરનાર પૈકી મયુર ગોહીલ ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરીને કનડગત કરતો હતો. જે બાબતે યુવક ઠપકો આપવા જતા તેની ઉપર હુમલો કરી દેવાયો હતો. આ મામલે વરાછા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૂળ ગીર-સોમનાથના ગઢડાનો વતની અને હાલ વરાછા લંબે હનુમાન રોડ મોતીનગરમાં રહેતો ભાવેશ ઉર્ફે ભાવેશ ઝાલા વરાછા જગદીશનગર સોસાયટી પાસેના જાહેર રોડ પર તેના માસીના પુત્ર માનસિંહ સાથે હાજર હતો. આ દરમિયાન મયુર ઝાલા નામનો યુવક ભાવેશની માસીની પુત્રીને મેસેજ કરી હેરાન કરતો હોય તે બાબતે મયુરને ઠપકો આપ્યો હતો. જેમાં મયુર ગોહીલ તથા જયેશ ગોહીલ અને કિરીટ ગોહીલ, અજીત ગોહીલે ભેગા મળી તીક્ષ્ણ હથિયાર વડે ભાવેશ પર હુમલો કરી ઢીકામુક્કીનો માર માર્યો હતો. ભાવેશ મકવાણાને તુ મને દેખાતો નહીં અને દેખાશે તો તને જીવતો નહીં છોડુ તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે ભાવેશ મકવાણાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# આયર્લેન્ટ મહિલા ક્રિકેટ ટીમે ગાંધી મ્યુઝિયમની લીધી મુલાકાત

### જ્યોર્જિના ડેમ્પસી અને લિયા પોલે રાજકોટની મહેમાનગતી માણી





રાજકોટ, તા. ૧૭

રાજકોટ ખાતે વુમન્સ ક્રિકેટનો આંતરરાષ્ટ્રીય મેચ ભારત અને આયર્લેન્ડ વચ્ચે રમાયો જેમાં ભારતીય મહિલા ટીમને ત્રણ મેચ ની સિરીઝ માં ક્લીન સ્વીપ કરી આયર્લેન્ડને બેકફુટ ઉપર ધકેલ્યું હતું મેચ પૂર્ણ થયા બાદ આયર્લેન્ડની ટીમ દ્વારા મકરસંક્રાંતિની પણ ઉજવણી કરવામાં આવી એટલું જ નહીં મહાત્મા ગાંધી મ્યુઝિયમની પણ મુલાકાત ટીમના સભ્યોએ લેવી હતી અને મ્યુઝિયમ અંગે તમામ માહિતીઓ પણ મેળવી હતી.

મ્યુઝિયમની મુલાકાત દરમિયાન બંને ખેલાડીઓએ ગાંધીજીના જીવન અને તેમના આદર્શોના વિવિધ પાસાઓને નજીકથી જાણ્યા હતા. મહાત્મા ગાંધીજીની વિચારધારા અને તેઓના સંદેશાથી ખેલાડીઓ પ્રભાવિત થયા હતા. મ્યુઝિયમના અધિકારીઓએ તેમના આગમન પર હર્ષ વ્યક્ત કર્યો અને તેમને મ્યુઝિયમની વિશેષતાઓની વિગતો આપી. ખેલાડીઓએ રાજકોટ શહેર અને અહીંના લોકોએ દર્શાવેલી મહેમાનગતિ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

### જુદા જુદા કારણોસર ખૂન કરી નાખવાની ત્રણ ઘટનાઃ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને પડકાર

# પુત્રએ પિતાને ઢાળી દીધા, ભત્રીજાના ડખ્ખામાં કાકાની હત્યા

## ડખ્ખો કરી રહેલા પિતાને સમજાવતાં શાંત થવાને બદલે વધુ ગુસ્સે થતાં સાવકો પુત્ર છરીથી તૂટી પડ્યોઃ ત્રીજી ઘટનામાં પ્રેમપ્રકરણમાં યુવાનને રહેંસી નખાયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ નહિ જેવી વાતે એક બીજાને પતાવી દેવાની ઘટનાઓ દરરોજ લોકોને ચોંકાવી રહી છે. હત્યાની વધુ બે ઘટનામાં માતા-પિતા વચ્ચે માથાકુટ થઇ રહી હોઇ ઉશ્કેરાયેલા દિકરાએ ચપ્પુથી તૂટી પડી પિતાને ઘા ઝીંકી પતાવી દીધા હતાં. યુવાનનો આ સાવકો બાપ હતો. બીજી એક હત્યાની ઘટનામાં ભત્રીજાના ઝઘડામાં ભત્રીજાને છોડાવવા વચ્ચે પડેલા કાકાની લોથ ઢળી ગઇ હતી. ત્રીજી ઘટનામાં વ્યાજખોરીનો ધંધો કરતાં શખ્સને બૂટલેગરે પતાવી દીધો હતો. પ્રેમસંબંધમાં આ હત્યા થયાની ચર્ચાએ જોર પકડતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. રાજ્યમાં રોજે રોજ આ પ્રકારની ખૂનની ઘટનાઓ બનતી રહે છે. આવા કિસ્સાઓ પણ રોજીંદા થઇ ગયા હોઇ પોલીસને સતત પડકાર મળી રહ્યા છે.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વસ્ત્રાલમાં બન્યો છે. અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા શિવમ આવાસ યોજનાના મકાનમાં મિનેષ જોશી અને તેમની પત્નિ વચ્ચે બોલાચાલી થઇ હતી. આ દરમિયાન તેમનો સાવકો દીકરો અલ્પેશ જોશી આવી ચઢ્યો હતો અને સાવકા પિતા મિનેષને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ પિતા મિનેષભાઇ શાંત થવાને બદલે ઉશ્કેરાઇ ગયો હતો અને પુત્ર અલ્પેશ સાથે મારામારી શરૂ કરી દીધી હતી. આથી અલ્પેશ ઉશ્કેરાઇ ગયો હતો અને ચપ્પુ લાવી તૂટી પડતાં પિતાનું મોત થઇ ગયું હતું. આ ઘટના વખતે લોકો મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતાં.

આ દરમિયાન મિનેષભાઇની પત્નિએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી હતી અને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડૉક્ટરની ટીમે મૃત જાહેર કરી કરી




રામોલ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી હત્યાનો ગુનો નોંધી તપાસ ધમધમાટ શરૂ કર્યો છે.

હત્યાનો બીજો બનાવ વડોદરા શહેર નજીકના લક્ષ્મીપુરા ગામમાં આવેલા ગલ્લા પર બન્યો હતો.નાસ્તાના પેકેટ લેવા ગયેલા યુવક સાથે ગામમાં જ રહેતા ચાર યુવકોએ ઝઘડો શરૂ કર્યો હતો. તે દરમિયાન યુવકના કાકા આવી જતા તેઓ ભત્રીજાને છોડાવવા વચ્ચે પડયા હતા. હુમલાખોરોએ કાકાના પેટમાં ગુપ્તી મારી દેતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડયા હતા. તાલુકા પોલીસે મર્ડરનો ગુનો દાખલ કરી ચાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. શહેર નજીક લક્ષ્મીપુરા ગામે રહેતો બાવીસ વર્ષનો સંજય સુરેશભાઇ સોલંકી ખાનગી સંસ્થામાં નોકરી કરે છે. ગઇકાલે રાતે સાડા આઠ વાગ્યે તે લક્ષ્મીપુરા ગામે પાદરા-વડોદરા જતા રોડની સાઇડમાં વિઠ્ઠલભાઇના પાનના ગલ્લા પર નાસ્તાના પેકેટ લેવા ગયો હતો. તે દરમિયાન આ જ ગામમાં રહેતા વિજય જગદીશભાઇ સોલંકી, યશપાલ હસમુખભાઇ સોલંકી, અજય ગણપતભાઇ સોલંકી તથા કમલેશ લક્ષ્મણભાઇ સોલંકી આવ્યા હતા. તેઓએ સંજય સાથે તકરાર શરૂ કરી હતી.

દરમિયાન આરોપી વિજય સોલંકીએ ગુપ્તી વડે સંજયના પગ પર ઇજા પહોંચાડી હતી. તેમજ નિલેશ પઢિયારને હાથમાં પહેરેલું કડું માથામાં મારી દીધું હતું. મારામારી જોઇને સંજયના કાકા ચાલીસ વર્ષના મહેશભાઇ હરમાનભાઇ સોલંકી દોડી આવ્યા હતા. ભત્રીજાને છોડાવવા માટે તેઓ વચ્ચે પડયા હતા. યશપાલ, અજય તથા કમલેશે કાકા મહેશભાઇને પકડી રાખ્યા હતા. જ્યારે વિજયે તેઓના પેટમાં ગુપ્તીનો ઘા મારી દીધો હતો. જેથી, મહેશભાઇ ત્યાં જ ઢળી પડયા હતા. આરોપીઓ ભત્રીજા સંજયને જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. ઇજાગ્રસ્ત મહેશભાઇને સારવાર માટે પાદરા સી.એચ.સી. ખાતે લઇ જવામાં આવ્યા હતા. પરંતુ, સારવાર મળે તે પહેલા જ તેઓનું મોત થયું હતું.

હત્યાની ત્રીજી ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર અમદાવાદ કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી ઊંટવાળી ચાલીમાં કિરણ ચૌહાણ સહિત બે શખ્સોએ ચાકુના ઘા મારી નીતિન પઢિયાર નામના યુવકની હત્યા કરી છે. પ્રાથમિક તપાસમાં પત્નિ સાથેના પ્રેમ સંબંધમાં હત્યા થઈ હવાનું સામે આવ્યું છે. જો કે આ સમગ્ર મામલે કાગડાપીઠ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આમ ત્રણ ત્રણ હત્યાની ઘટનાએ પોલીસને દોડાવી હતી. કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકતી આ ઘટનાઓમાં હત્યારાઓને શોધવા દોડધામ મચી ગઇ હતી.

# OYE ANNA રેસ્ટોરેન્ટ પર આરોગ્ય વિભાગ ત્રાટક્યુ

## લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી આ પેઢી પાસેથી વાસી પ્રિપેર્ડ ફૂડ, ચટણી, સડેલા બાફેલા બટેટા તથા એક્સપાયરી વીતી ગયેલ બ્રેડ સહિતનો કુલ અંદાજીત ૬ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયા ચોકડી પાસે, રાજકોટ મુકામે આવેલ ''ઓયે અન્ના રેસ્ટોરેન્ટ '' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી પ્રિપેર્ડ ફૂડ, ચટણી, સડેલા બાફેલા બટેટા તથા એક્સપાયરી વીતી ગયેલ બ્રેડ સહિતનો કુલ અંદાજીત ૦૬ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા, પેસ્ટ કોંટ્રોલ કરાવવા તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફુડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૫ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. બીજી તરફ લાઇસન્સ મેળવવા બાબતે શ્યામ ખમણ , કાજલ પાન કોલ્ડ્રિંક્સ, જય સોમનાથ ખમણ હાઉસ, મોમાઇ કોલ્ડ્રિંક્સ, જય ખોડિયાર કોલ્ડ્રિંક્સને સૂચના આપવામાં આવેલ.

એવીજ રીતે જય બાલાજી ડેરી ફાર્મ , જય શક્તિ ડેરી ફાર્મ , ગિરિરાજ ફરસાણ , ગાયત્રી જનરલ સ્ટોર, જય દ્વારકાધીશ નાસ્તા હાઉસ , આશાપુરા કોલ્ડ્રિંક્સ , એ.કે. બકેરી, ચામુંડા પાન કોલ્ડ્રિંક્સ, ભગવતી પ્રોવિઝન સ્ટોર્સ, સિલ્વર બેકરી, આદરો નાસ્તા ગૃહ , શિવશક્તિ સ્ટોર ,મોહનાણી જનરલ સ્ટોર , ભવાની સ્વીટ નમકીન, રામ જનરલ સ્ટોર્સ , રાધિકા ડેરી ફાર્મ , ભોલે બેકર્સની ચકાસણી કરવામાં આવી હતી.

### લેવાયેલા નમૂનાની વિગત

(૧) તલની ચીકી (લુઝ): સ્થળ- મધુરમ વેરાયટી સ્ટોર્સ, ભગવતીપરા, શેરી નં.૧૭/૨૧ કોર્નર, રાજકોટ.
(૨) શીંગની ચીકી (લુઝ): સ્થળ- મધુરમ વેરાયટી સ્ટોર્સ, ભગવતીપરા, શેરી નં.૧૭/૨૧ કોર્નર, રાજકોટ.
(૩) મનમોજી ચીકી (લુઝ): સ્થળ- ભાવના ફૂડ્સ, લખાજીરાજ ઉદ્યોગનગર-૦૬, ચુનારાવાડ ચોક, રાજકોટ.
(૪) દાળિયાની ચીકી (લુઝ): સ્થળ- ભાવના ફૂડ્સ, લખાજીરાજ ઉદ્યોગનગર-૦૬, ચુનારાવાડ ચોક, રાજકોટ.
(૫) શીંગની ચીકી (લુઝ): સ્થળ- એવન ચીકી, ભગવતી સોસાયટી શેરી નં.૦૩, મધર ટેરેસાવાળી શેરી, દૂધસાગર રોડ, રાજકોટ.



# ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની કરો સીધી ખરીદી

## નોંધણી કરાવવા માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૩૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ કરો સંપર્ક



રાજકોટ, તા.૧૭

ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે રૂ ૨,૪૨૫/- પ્રતિ ક્વિંટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તો તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.

ટેકાના ભાવે નોંધણી કરાવવા બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૩૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા પુરવઠા અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા

# દિવ્ય "મહિમા માં કે આશીર્વાદ કી" કાર્યક્રમનું આયોજન

## અંબે માતાજીની આરાધના કરવાથી દરેક પડકાર પણ અવસર બની જાય છે : મેહુલ રવાણી




રાજકોટ, તા. ૧૭

ભક્તિએ માત્ર ધાર્મિક પદ્ધતિ નથી, પરંતુ એ એક અવસ્થા છે, જેમાં મન, હૃદય અને આત્મા પૂર્ણરૂપે ઈશ્વર સાથે જોડાય છે. ત્યારે રાજકોટમાં એક એવો અનોખો ભક્તિસભર કાર્યક્રમ યોજાયો. જેમાં સમગ્ર શહેરીજનો આધ્યાયમય થઈ ગયા. અરિહંત ઇન્વેસ્ટમેન્ટ, સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ અને મેહુલભાઈ રવાણી દ્વારા આયોજિત ઐતિહાસિક, અલૌકિક, અભૂતપૂર્વ અને અવિસ્મરણીય કાર્યક્રમ ''મહિમા માં કે આશીર્વાદ કી'' યોજાયો.

રાજકોટ-સૌરાષ્ટ્રના જાણીતા બિઝનેસમેન,વક્તા, લેખક, ફંડ ડિસ્ટ્રીબ્યુટર, અરિહંત ઇન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર,વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, સિંગર, યુવા જૈન અગ્રણી અને અંબા માતાજીના પરમ ઉપાસક મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણી દ્વારા રાજકોટના હેમુગઢવી હોલ ખાતે જ્ઞાન, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સમો અનોખો કાર્યક્રમ ''મહિમા માં કે આશીર્વાદ કી''નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય પ્રંસગે આયોજક મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે,અંધકારનાં ઘેરાયેલા જીવનમાં, જયારે માતા અંબાની આરાધના થાય છે, ત્યારે એ અજવાળું આપણા અંતર મનને શુદ્ધ કરે છે. મા જગદંબાની આરાધના એ એક એવો અવસર છે જ્યાં આપણે પ્રબળ આધ્યાત્મિક શક્તિની અનુભૂતિ કરીએ છીએ. માતા અંબા સમગ્ર જગતની એ શક્તિ છે, જે સમગ્ર બ્રહ્માંડને જીવનદાયિ ઉર્જાથી ભરપૂર કરે છે. તેઓ ભક્તોને તેમના જીવનના તમામ કપરા સંજોગોનો સામનો કરવાની શક્તિ આપે છે. માતા માત્ર એક દેવી નથી, પરંતુ જીવનનું સ્ત્રોત છે, આવા દિવ્ય સ્ત્રોત સાથે જોડાવવાનો પ્રસંગ એટલે ''મહિમા માં કે આશીર્વાદ કી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે,માતા અંબાના આશીર્વાદથી ભક્તોની દરેક સમસ્યાનું નિરાકરણ થાય છે. પર્વતોમાં તેમનું સ્થિરતાનું રૂપ, નદીઓમાં તેમના પ્રવાહમય સ્વરૂપ, અને અગ્નિમાં તેમના તેજનું દર્શન થાય છે. માતા અંબા ભક્તોને શાંતિ, કરુણા અને પ્રેમના માર્ગે દોરી જાય છે. માની આરાધનાથી જીવનમાં સંયમ અને ધૈર્યનો ઉમેરો થાય છે. તેઓ બધાં જીવાત્માઓમાં સમાન છે અને માનવમાત્ર માટે દયાની પ્રતિક છે. મા અંબાની કૃપાથી જીવનમાં દૈવી ચેતનાનો અનુભવ થાય છે.

### રાજકોટમાં ફરી નોંધાયો વર્લ્ડ રેકોર્ડ, એક સાથે ૧૧૦૦થી વધુ દિવડાથી આરતી થઈ, ધજા ફરકી અને ઘટંડીનો નાદ ગુંજયો

પરિવારના આરાધ્ય દેવી,જગત જનની, સમસ્ત જગતના અધિષ્ઠાત્રી, રાજ રાજેશ્વરી અને સમસ્ત જગતના પાલનહર્તા એવા માતા અંબાજીના અદ્વિતીય મહિમાને વર્ણવતા એક ભક્તિ સભર કાર્યક્રમનું ફરીવાર આયોજન કરવાની મારી અંતરની ઈચ્છા હતી. જે આજે ફળીભૂત થઇ છે. મેહુલભાઈના પુત્ર વત્સલભાઈ રવાણીએ વધુમાં જણાવ્યું હતું કે,કાર્યક્રમના પ્રારંભે જયોતિષાચાર્ચ આચાર્યશ્રી બાલકૃષ્ણભાઇ રાજયગુરૂએ ૨૧ ભૂદેવો સાથે મળીને સંપૂર્ણ વિધિ વિધાનથી આદ્યશક્તિ માં જગદંબાની શ્રદ્ધાપૂર્વક મહાપૂજા કરી હતી. જે બાદ હીર નિંદરોડા, પ્રિયા શિંગાળા, દેવાંશી વસાવડા અને સલોની શિંગાળાએ વિવિધ નૃત્યો દ્વારા માં જગદંબાના વિવિધ સ્વરૂપોનું વર્ણન કર્યું હતું. એ સાથે માતાજીના સ્વરૂપો ધારણ કરીને ૧૮ જેટલી બાળાઓ મંચ આવી હતી. સાથે સાથે ૪૦ જેટલા નાના-નાના બાળકોએ શ્રી હનુમાન ચાલીસાનું પઠન કર્યું હતું. જેને પગલે તમામને અરિહંત ઇન્વેસ્ટમેન્ટ દ્વારા ભેટ આપીને નવાજવામાં આવ્યા હતા.

વધુમાં વત્સલભાઈએ જણાવ્યું હતું કે, આ સાથે વિવિધ વક્તાઓ દ્વારા સંગીત અને સંવાદ, કર્મ અને ધર્મ, નૃત્ય અને નાદ, સમર્પણ અને તર્પણ, આજ્ઞા અને આહુતિ સાથે ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક માતાજીની પૂજા-આરાધના કરવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં રાજકોટની જનતા સહપરિવાર ઉમટી હતી અને અત્યંત આનંદ, ઉત્સાહ, શ્રધ્ધા અને ભક્તિના માહોલ વચ્ચે આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં એક સાથે ૧૧૦૦થી વધુ દિવડાની આરતી થઇ હતી, એક સાથે ધજા ફરકી હતી અને એક સાથે ઘટંડીનો નાદ ગુંજ્યો હતો.જેની નોંધ ધખત્રક્ષ બુક ઓફ રેકોર્ડ્સ, ઝેનિથ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ્સ ખાતે લેવામાં આવી હતી.

આ તકે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ અને ઉત્સવ ખૂબ જ અનેરો છે હાલ સમગ્ર ભારત પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં એકઠું થઈ રહ્યું છે ત્યારે રાજકોટમાં પણ આ અનોખો ભક્તિ સફળ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. જે રીતે પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમમાં લોકો ડૂબકી લગાવી રહ્યા છે તે રીતે આજે યોજાયેલા આ કાર્યક્રમમાં મેહુલભાઈ અને અરિહંત ઇન્વેસ્ટમેન્ટ ના માધ્યમથી રાજકોટમાં પણ ભક્તિનો ત્રિવેણી સંગમ યોજાયો છે અને આપણે સૌ ભક્તિની ડૂબકી લગાવી શકવા સક્ષમ બન્યા છીએ. માની કૃપા માત્ર મારા પર ન વરસે અને મારા સમસ્ત સ્નેહીજનો પર પણ વરસે એવા શુભ આશયથી તેમણે આ સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું છે. મેહુલભાઈ અને તેમની આખી ટીમને આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવું છું અને મને પણ આજના કાર્યક્રમમાં આમંત્રિત કરી તથા જોગમાયા ના દર્શન કરવાનો લાભ આપ્યો એ માટે મેહુલભાઈનો ખુબ ખુબ આભાર.અભિનેતા અને લેખક હર્ષલભાઈ માંકડે જણાવ્યું હતું કે,હેમુ ગઢવી હોલમાં અત્યાર સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો થતા હતા. પરંતુ માતાજીની પૂજા ભક્તિને આરાધના કરવાની અને આ ઓડિટોરિયમ માં ખાસ દર્શન કરવા આવી શકાય એવો ચીલો જો કોઈએ શરૂ કર્યો હોય તો તે એકમાત્ર મેહુલભાઈ રવાણી છે. આ કાર્યક્રમ આપણને એ સમજાવે છે કે શું કમાયા તે મહત્વનું નથી પરંતુ શું ભોગવી શક્યા એ મહત્વનું છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ટમેટું તૂટ્યું !

## શાકભાજીના ભાવ તળિયે : ખેડૂતોએ પ્રોસેસિંગ તરફ જવું અનિવાર્ય



ટાઢોડાએ જમાવટ કરી છે, ઊંધિયું-ઓળા-રોટલાની મોજ સર્વત્ર ચાલી રહી છે. શાકભાજીની કિંમત સૌને પોસાય તેવી થઈ ગઈ છે. મોટાભાગના શાક સરેરાશ રૂપિયા ૨૦ ના કિલો મળી રહ્યા છે. લોકોને આ શાક સસ્તા લાગી રહ્યા છે.

જોકે શાકભાજીના જથ્થાબંધના ભાવ પર નજર કરો તો ખ્યાલ આવશે કે માર્કેટમાં જે કિલોના ભાવ છે તે શાક તેટલી કિંમતમાં ૧૦-૨૦ કિલો મળી રહ્યું છે. રાજકોટ યાર્ડની જાહેર થયેલી કિંમતો પ્રમાણે જથ્થાબંધ વ્યવસાયમાં ટમેટા, રીંગણા, ગાજર વગેરે પાંચ રૂપિયા કિલો છે. બીટ કોબી, કોથમીર વગેરેની કિંમત પાંચ રૂપિયા પણ નથી. અમુક પ્રકારના રીંગણા અને બીટ, કોબી વગેરે બેથી ત્રણ રૂપિયે કિલો મળે છે.

ગ્રાહકો માટે આ શ્રેષ્ઠ ખેતી ગણાય. પણ સમગ્ર મુદ્દાને ખેડૂતોના દ્રષ્ટિકોણથી જુઓ તો ? તેમને પોસાય તેવી કિંમત મળતી નથી. શાક લણવું પણ મોંઘ પડે છે. ઘણા ખેડૂતોએ તો માલ - ઢોરને ચરવા મૂકી દીધા. ખેડૂત પાસેથી બે-પાંચ રૂપિએ શાક લઈને એ શાક રિટેઈલમાં રૂપિયા ૨૦ થી ૪૦ થઈ જાય છે. ખેડૂતો કરતાં વચેટિયાને મોજે-દરિયા છે.

આ સ્થિતિ નવી નથી. દર વર્ષે શિયાળામાં આવી જ દશા જોવા મળે છે. માત્ર શાકભાજીમાં જ નહીં લગભગ દરેક પાક માર્કેટમાં આવે ત્યારે જથ્થાબંધ માર્કેટ તૂટી પડે છે. એક વખત રૂ. ૩૦૦એ કિલો પહોંચેલુ ટમેટું હાલ તૂટીને રૂપિયા બેનું કે રૂપિયા પાંચનું કિલો થઈ ગયું છે.

આ ચક્કરમાંથી બહાર આવવા ખેડૂતોએ એક કદમ આગળ મૂકવું અનિવાર્ય છે, નહીં તો મહેનત ખેડૂતો કરશે અને મોજ વચેટિયા કરતા રહેશે. ખેડૂતોએ કૃષિ પાક લઈને પરંપરાગત રૂપે માર્કેટમાં આવવાને બદલે કૃષિ પાકને સંગ્રહિત કરવાની ક્ષમતા રાખવી પડશે. આવું ન કરવું હોય તો પ્રોસેસિંગ પ્રવૃત્તિ તરફ વળવું પડશે.

આજે જથ્થાબંધ માર્કેટમાં ટમેટાના ભાવ કિલોના રૂપિયા બેથી પાંચ છે. માર્કેટમાં ટમેટા સોસ ખરીદવા જાવ તો ખ્યાલ આવશે કે સોસનો કિલોનો ભાવ રૂપિયા ૧૫૦થી રૂપિયા ૨૫૦ સુધી છે. ખેડૂતોએ બે પાંચ રૂપિયા કિલો લેખે વેચેલા ટમેટામાંથી સોસ બને છે. ટમેટા સોસ બનાવવામાં કોઈ વિશેષ રેસીપી કે અટપટ્ટી પ્રક્રિયાની જરૂર રહેતી નથી. સોસ બનાવવા મશીન સરળતાથી ઉપલબ્ધ છે. મોંઘાદાંટ પણ નથી. ટેકનિકલી રૂપે પણ આ મશીન કંઈ વિશેષ હોતું નથી. સામાન્ય માણસ થોડી ટ્રેનિંગ બાદ ઓપરેટ કરી શકે છે. પાંચ રૂપિયા કિલો ટામેટા વેચવા યાર્ડમાં લાઈનમાં ઉભવા કરતા ખેતરમાં જ પ્રોસેસિંગ યુનિટ ધમધમાવીને પ્રોડક્ટસ બનાવી શકાય છે.

આરોગ્યપ્રદ ફૂડના માર્કેટમાં સર્ચ કરો તો વિવિધ શાકભાજીના પાવડરથી માંડીને અસંખ્ય પ્રોડક્ટસના ઢગલા જોવા મળશે. આ પ્રોડક્ટસની કિંમતો પણ ખૂબ ઊંચી હોય છે. દરેક પ્રકારના કૃષિ ઉત્પાદનોના પ્રોસેસ યુનિટ વાડી ખેતરમાં શક્ય છે. આ માટે સરકાર દ્વારા અનેક પ્રોત્સાહિત યોજનાઓ પણ ચાલે છે. ઘણા ખેડૂતો આવા પ્રયોગ કરી ચૂક્યા છે.

ખેડૂતને કૃષિમાં, તેના વિકાસમાં તથા નવું શીખવામાં અને જોખમ લેવામાં રસ હોવો જોઈએ. યાર્ડમાં લાઈનમાં ઊભીને પાણીના ભાવે કૃષિ ઉત્પાદનો વેચીને સરકાર અમારો ઉદ્ધાર કરશે તેવી આશા રાખનારા ખેડૂતોનો યુગ આથમી રહ્યો છે.

# આ પ્રયાગરાજ છે, આ મહાકુંભ છે જ્યાં માત્ર નદીઓનો નહિ પણ જ્ઞાન અને વિજ્ઞાનનો પણ સંગમ થયો છે



## આ મેળાના આયોજન વિષે અભ્યાસ થવો જોઈએ, આ મેળો આખી દુનિયાને આકર્ષે છે કેમ? અહી જ્ઞાન અને વિજ્ઞાનનો પણ સંગમ થાય છે. આ વેળાના આયોજનથી દુનિયા દંગ છે, ૪૫ કરોડ લોકો કુંભમાં આવે એવો તો અંદાજ છે




૧૯૭૪માં એપલનાં સ્થાપક સ્ટીવ જોબ્સે એક પત્ર લખેલો અને એમાં એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે, મારે ભારત જવું છે અને મહાકુંભની મુલાકાત લેવી છે. પણ સ્ટીવ એની ઈચ્છા પૂરી કરી ના શક્યા. પણ એની પત્ની લોરેને એ ઈચ્છા પૂરી કરી. આ મહાકુંભમાં લોરેન આવ્યા અને કલ્પવાસમાં રહ્યા. નિરંજની અખાડાનાં મહામંડલેશ્વર કૈલાશનંદગીરી મહારાજે એમને દીક્ષા આપી અને કમલા નામ પણ આપ્યું. એલર્જીનાં કારણે એ વધુ રોકાઈ ના શક્યા અને પ્રયાગરાજથી સીધા ભૂતાન ગયા. અને બીજી એક વાત, સ્ટીવ જોબ્સનો પેલો પત્ર કેટલો મહામુલો સિદ્ધ થયો કે, એ ૩.૨ કરોડમાં તો વેચાયો હતો.

મહાકુંભનું મહત્વ અદકેરું છે. ભારતમાં જ નહિ દુનિયાભરમાં. આ કુંભમાં આવવા લોકો આગોતરું આયોજન કરતા હોય છે. અને એમાં વિદેશીઓ પણ છે. મહાકુંભની વેબસાઈટ બનાવાઈ છે અને અત્યાર સુધીમાં દુનિયાના ૧૮૩ દેશોએ એના પર જઈ મહાકુંભની વિગતો જાણી છે. એના પરથી સમજી શકાય છે કે, આ મહાકુંભ વૈશ્વિક બની ગયો છે. અને કેમ ના બને? આ કુંભ છે જ એવો. એનું માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક જ નહિ પણ જ્ઞાન વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ એટલું જ મહત્વ છે.

અને એટલે તો વિદેશીઓ પણ આ મેળાની મુલાકાતે આવે છે. એક રીલ બહુ વાયરલ થઇ છે જેમાં મુલે રશિયાની યુવતી કે જે યુરોપમાં રહે છે એ કહે છે, મેરા ભારત મહાન ....આઈ લવ ઈન્ડીયા....એક આઈઆઈટીમાં ભણેલા બાબા પણ બહુ જાણીતા થયા છે. આવા તો કિસ્સાનો પાર નથી.

અને ગેલેલિયોને યાદ કરો જેણે ૧૬૩૨માં એમ કહેલું કે, પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. અને ત્યારે એ વેળાના પોપે વિરોધ કરેલો. કારણ કે ત્યારે એમ જ કહેવાતું કે, સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. બાદમાં ગેલેલિયોને મોતની સજા મળી હતી એ આપણે જાણીએ છીએ. પણ ગેલેલિયોએ જે વાત કહી એના ૮૦૦ વર્ષ પહેલા જગદગુરુ શંકરાચાર્યે નક્કી કરેલું કે ક્યારે મહાકુંભ યોજવો. ગુરુ વૃષભ રાશીમાં આવે અને સૂર્ય મકર રાશિમાં ત્યારે મહાકુંભનું આયોજન થાય અને આજ સુધી એ જ રીતે આ આયોજન થાય છે. એટલે અહી જ્ઞાન અને વિજ્ઞાન બંને છે. માત્ર અધ્યાત્મ નથી. માત્ર સંગમ સ્નાન કરીને પાપ ધોવાની કે મોક્ષની પ્રાપ્તિની વાત નથી.

આવા દરેક કુંભમાં સંતો અને આચાર્યો એકત્ર થાય છે અને એ જીવનના સત્ય વિષે વિચારે છે. અને એ માટે શાસ્ત્રાર્થ થાય છે. અને એમાંથી કોઈ નવી જ્ઞાન લાધે છે. આ એક વિચાર મંથન છે. જેમ અમૃત મંથન થયું અને એમાં જે અમૃત કળશ મળ્યો અને એમાંથી કેટલાક બુંદ પ્રયાગરાજ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં પડ્યા ને ત્યાં કુંભનું આયોજન થાય છે. પ્રયાગરાજનું મહત્વ અદકેરું એટલા માટે પણ છે જગતના વિખ્યાત દાર્શનિક મેક્સમુલરે કહેલું કે, જો કોઈ એવી જગ્યા હોય તો એ ભારતનો ઉત્તર પ્રદેશ છે , પ્રયાગરાજ છે જ્યાં જીવનના સત્યની ખોજ થાય છે.

તા. ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ૪૫ કરોડ લોકો આવે એવી ગણતરી છે અને પ્રથમ બે જ દિવસમાં પાંચ કરોડ લોકો આવી ચુક્યા છે. અને એ માટે જે તૈયારી થઇ છે એ બેમિસાલ છે. જગતમાં ક્યાંય આટલા મોટા પાયે આયોજન થતું નથી. આટલા લોકો આવતા નથી. ૪૦૦૦ હેક્ટરમાં એક આખો જિલ્લો ઉભો કરાયો છે. જે ૭૬મો જિલ્લો છે, એને અસ્થાયી જિલ્લો ગણવામાં આવે છે. અહી ૪૧ ઘાટ છે અને એમાંના ૧૦ ઘાટ પાક્કા છે અને બાકી અસ્થાયી છે જ્યાં લોકો સ્નાન કરે છે. આ કુંભ મેળાનાં આયોજનમાં એઆઈ અને ચેટબોટનો ઉપયોગ પણ થયો છે. એક એપ બનાવાઈ છે જે લોકોને ગાઈડ કરે છે. એટલે કે જ્ઞાન અને વિજ્ઞાનનો આ રીતે પણ સંગમ થયો છે.

અને હા, અહી બહુ લાંબા સમય બાદ આંતરરાષ્ટ્રીય ફલાઈટનું આગમન અને ઉડ્ડયન થયું છે. પ્રયાગરાજ એરપોર્ટ પર ખાસ ઈમિગ્રેશન વિભાગ શરૂ કરાયો છે. જેથી કોઈ વિદેશી આવે તો એમને કોઈ સમસ્યા ના થાય. અને હા, સ્ટીવ જોબ્સની પત્ની લોરેલ અહીંથી જ ભૂતાન પોતાના ખાસ વિમાનમાં ગઈ હતી. એટલે પ્રયાગરાજ એ રીતે પણ દુનિયાના નકશામાં જાણીતું બન્યું છે.

પ્રયાગરાજમાં કુંભ જ્યાં થાય છે એની આસપાસ એટલા બધા પ્રોજેક્ટ થયા છે અને થઇ રહ્યા છે. યુપી સરકારે એ માટે ૧૪૨૮ કરોડ ફાળવ્યા છે. આ આયોજન જે રીતે થયું છે એ મેનેજમેન્ટ માટે સ્ટડી કેસ બની શકે એમ છે. અને હા, જ્યાં સ્નાન થાય છે એ ગંગા ગંદી છે એવા અહેવાલો પણ છે.

આપણે આ વાત સમજવી પડશે કે, જે નદીમાં સ્નાન કરી આપણે પવિત્ર થવા માગીએ છીએ એ જ નદીને આપણે જ ગંદી કરીએ છીએ. આ બંધ થવું જ જોઈએ. જો કે, આયોજનમાં આ વેળા પર્યાવરણનું ધ્યાન રાખવામાં આવ્યું છે એ સારી નિશાની છે.

કાર્બન ઉત્સર્જન ઓછું થાય એ રીતે આયોજન થયું છે, મોટાભાગના આયોજનો અસ્થાયી છે. ભોજન બગાડ થતો નથી. સ્વચ્છતા રહે એ માટે બહુ મોટા સ્ટાફની વ્યવસ્થા થઇ છે, આ અસ્થાયી જીલ્લામાં એક જીલ્લામાં હોય એ રીતે જ આખું સેટ અપ ઉભું કરાયું છે.

આ રીતે પણ કુંભનો અભ્યાસ થવો જરૂરી છે. આ મહાકુંભ છે અત્યારે આ જગ્યા એટલી મોહક છે કે, કહેવાનું મન થઇ આવે કે,

અને અહી લોકોને વિશ્વાસ છે, આસ્થા છે. ત્રણ નદીઓનો સંગમ છે અને એમાં સ્નાન કરી લોકો પવિત્ર થવા માગે છે.

# દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે બહાર પાડ્યો સંકલ્પ પત્ર

## મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન




નવીદિલ્હી, તા. ૧૭

બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે સંકલ્પ પત્ર (ઘોષણાપત્ર) બહાર પાડ્યો છે.

તેમણે દિલ્હીના લોકોને વચન આપ્યું હતું કે દિલ્હીમાં ચાલી રહેલી વર્તમાન જન કલ્યાણ યોજનાઓ તેમની સરકાર (ભાજપ) બન્યા પછી પણ ચાલુ રહેશે. યોજનાઓ સંબંધિત સુવિધાઓને વધુ મજબૂત અને સુધારવામાં આવશે. તેઓ ભ્રષ્ટાચારમાંથી પણ મુક્ત થશે. ભાજપ પોતાનો ચૂંટણી ઢંઢેરો ત્રણ તબક્કામાં લાગુ કરશે. આ તેનો પહેલો ભાગ છે. તેના ઠરાવ પત્રમાં ભાજપે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ સિવાય ગરીબ મહિલાઓને ગેસ સિલિન્ડર પર ₹૫૦૦ની સબસિડી આપવામાં આવશે. દિલ્હીમાં વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે, યોજના હેઠળ દિલ્હી સરકાર અલગથી ₹૫૦૦૦૦૦નો વીમો આપશે જ્યારે કેન્દ્ર સરકાર ₹૫ લાખનો વીમો આપશે. જેપી નડ્ડાએ દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારના મોહલ્લા ક્લિનિકને નકલી આરોગ્ય સેવા ગણાવી હતી. તેમણે કહ્યું કે મોહલ્લા ક્લિનિકમાં છેતરપિંડી થઈ છે અને ૩૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. જો ભાજપની સરકાર બનશે તો આ અંગે તપાસ કરવામાં આવશે. આમ આદમી પાર્ટી સંજીવની યોજના પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે તેઓ પોતાની સરકાર બચાવવા માટે આ યોજના લાવ્યા છે.

### ભાજપના પ્રથમ સંકલ્પ પત્રની મોટી જાહેરાતો

- મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે.
- ગરીબ મહિલાઓને ગેસ સિલિન્ડરમાં ₹૫૦૦ની સબસિડી આપવામાં આવશે.
- ગરીબ પરિવારોને હોળી અને દિવાળી પર મફત સિલિન્ડર આપવામાં આવશે.
- ગર્ભવતી મહિલાઓને ₹૨૧૦૦૦ આપવામાં આવશે
- ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૧૦ લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવશે.
- ૬૦ થી ૭૦ વર્ષની વયના લોકોના પેન્શનમાં ૫૦૦ રૂપિયાનો વધારો થશે.
- ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને વિકલાંગ અને વિધવા મહિલાઓને ૨૫૦૦ રૂપિયાની જગ્યાએ ૩૦૦૦ રૂપિયા પેન્શન આપવામાં આવશે.
- દિલ્હીમાં અટલ કેન્ટીન યોજના શરૂ કરવામાં આવશે, આ અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ૫ રૂપિયામાં ભોજન આપવામાં આવશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહી... એ માત્ર ને માત્ર રામનામ અંકિત કરેલી મુદ્રિકાનો પ્રતાપ છે.



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણી સંસ્કૃતિમાં દંતકથા કે પૌરાણિક કથાનું ખૂબ જ મહત્વ બતાવાયું છે. અષાઢ નવરાત્રી સંદર્ભે એક દંત કથા દ્વારા નવરાત્રીનું માહાત્મ્ય કહ્યું, કે દેવી પાર્વતીએ શંકર પાસે પોતાના પિતાના ઘરે જવાની જીદ કરી, અને મહાદેવ એ ના પાડી, છતાં તે માન્યા નહીં. શંકર ભગવાન હા પાડે માટે દેવી પાર્વતીએ રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું, અને એ જોઈ શંકર ત્યાંથી ભાગ્યાં. એટલે દેવી પાર્વતી નવ જુદા જુદા સ્વરૂપ ધારણ કરી, અને બધી જ દિશામાં ફેલાઈ ગયાં.આ નવ સ્વરૂપ ધારણ કરવા માટે તેણે નવ ગુપ્ત વિદ્યાનો પ્રયોગ કર્યો હતો, આથી અષાઢ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે. આપણે પણ સીતા સુધી એટલે કે ભક્તિ સુધી પહોંચવા માટે સહાયક કે અવરોધક એવી શક્તિની વાત દર નવરાત્રીમાં કરીએ છીએ. અયોધ્યામાં મંથરા છે તો લંકામાં ત્રિજટા છે, એટલે એવું માનવાને કોઈ કારણ નથી કે, રાક્ષસ કુળમાં બધાં ખરાબ જ હતાં, અને અયોધ્યામાં બધાં સારા જ હતાં. હનુમાનજી અશોક વાટિકામાં પહોંચી ગયાં, અને અશોકનું એક એક વૃક્ષ પણ સીતા માતાની સાથે રામ રામ કરી કલ્પાંત કરતું હતું, એવું કરુણ દ્રશ્ય જોઈ હનુમાનજીને અત્યંત દુઃખ થયું. તેને થયું કે સ્વામીની આજ્ઞા નથી, નહીં તો અત્યારે જ લંકાને ઉજાડી અને માતા સીતાને લઈને પ્રભુ શ્રીરામ પાસે પહોંચી જાઉં. પરંતુ બીજું કંઈ નહીં તો માતા-પિતાનું દુઃખ ઓછું થાય, એવું તો કંઈક કરવું જ પડશે! અને તેને પ્રભુ શ્રીરામ એ આપેલી મુદ્રિકા યાદ આવી, તો આજે આપણે મુદ્રિકા વિશે ચિંતનમાં વાત કરીશું.

હનુમાનજી ને સમજાતું નથી કે તે સીતા માતાનું દુઃખ કઈ રીતે દૂર કરે, કલ્પાંત કરતાં સીતાજી અરણ્યના વૃક્ષ પાસે અંગાર માંગે છે, અને એ જ સમયે હનુમાનજીને પ્રભુએ આપેલી મુદ્રિકા યાદ આવે છે, તેઓ રામ નામ અંકિત કરેલી એ મુદ્રિકા સીતાજીના પગ પાસે ફેંકે છે. કહેવાને માટે તો એ માત્ર મુદ્રિકા હતી, પરંતુ સીતાજી માટે એ પ્રભુ શ્રીરામનું હૃદય હતું. હનુમાનજી માટે એ શક્તિ સ્તોત્ર હતો, અને સ્વયં ભગવાન રામ માટે એ સાક્ષાત સીતા હતી. સીતાજી એ વીંટીને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે કે પ્રભુ શ્રીરામની વીટી અહીં ક્યાંથી આવી? પહેલા તો હર્ષ થાય છે કે પ્રભુ આવી ગયાં, પછી શંકા કુશંકામાં મન ઘેરાઈ જાય છે કે શું રાક્ષસો તેને મારીને અહીં લઈ આવ્યા હશે? પછી તરત જ વિચાર આવે છે કે પ્રભુ શ્રીરામ તો અજય છે, તેને કોઈ જીતી શકે નહીં, તો પછી શું આ રાક્ષસની કોઈ માયા હશે? હનુમાનજી માતા સીતાનું દુઃખ વધે તેવું ઈચ્છતા નથી, અને હનુમાનજી વૃક્ષની નીચલી ડાળ પર ઉતરી આવી,મધુર સ્વરે પ્રભુ શ્રી રામનાં ગુણગાન ગાવા લાગ્યા. રામગુણ અને કીર્તન સાંભળીને સીતાજીને અત્યંત આનંદ થયો. કોણ બોલે છે તે જોવા તેમણે ઉપર નજર કરી,ને કહ્યું કે ભાઈ તું જે હો તે પ્રગટ થા. ત્યારે હનુમાનજી હાથ જોડી સીતાજીના સામે આવીને ઉભ રહીને કહ્યું કે

માતાજી,હું હનુમાન છું, અને પ્રભુ શ્રી રામનો દૂત છું,આ વીંટી હું જ લાવ્યો છું.રામજીએ જ મને તે આપને આપવા આપી છે.આ સાંભળી સીતાજીની આંખમાં હર્ષના આંસુ આવી ગયાં.

રામજીની વીંટી હૃદય-સરસી ચાંપી તેમણે કહ્યું કે,હે વીર હનુમાન!! વિરહના સમુદ્રમાં ડૂબતી મને, તેં વહાણ બનીને તારી છે. પરંતુ હવે તું મને કહે કે મને રામનાં દર્શન ક્યારે થશે? શું એ પણ આવી ચૂક્યા છે? તો મારી સામે કેમ નથી આવતાં? હનુમાનજી બતાવે છે કે બહુ જલ્દી એ તમને લેવા આવશે! ત્યારે એ પુછે છે, શું મારી જેમ તેને મારો વિયોગ તડપાવે છે? શું એ મને યાદ કરે છે ખરા? હનુમાનજી સીતા હરણ થયું પછી શબરી થી સુગ્રીવ સુધી પ્રભુ શ્રીરામ અને લક્ષ્મણ આવ્યાં ત્યાં સુધીની વાત કરે છે, અને પ્રભુ શ્રીરામ પણ આપના વિયોગમાં તડપી રહ્યા છે, એની વાત કરે છે. સીતાજી કહે છે કે, પરંતુ ગણ્યા ગાઠ્યા વાનરોની આ બળવાન રાક્ષસો સામે કેમ ટકી રહેશે? ત્યારે હનુમાનજી પોતાનું મહાબલિ સ્વરૂપ બતાવે છે, અને કહે છે કે હે માતા, અમે વાનરો ઓછી શક્તિ અને ઓછી બુદ્ધિ ધરાવીએ છીએ. પરંતુ પ્રભુ શ્રીરામની કૃપાથી અમે કઠિનથી કઠિન કાર્ય કરવા સમર્થ બનીએ છીએ. આમ કહી તેમણે પોતાની શક્તિનો શ્રેય પ્રભુ શ્રીરામને આપી દીધો. માતા સીતાને વિશ્વાસ બેસી ગયો કે, પ્રભુ શ્રીરામ આવશે અને આ રાવણની કેદમાંથી મને છોડાવશે.

**પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં**
**જલધિ લાંધી ગયે અચરજ નાહીં**
**દુર્ગમ કાજ જગત કે જેતે**
**સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે**

હનુમાન ચાલીસાની આ બે ચોપાઈ પરથી આપણે જોઈ શકીએ છીએ, કે હનુમાનજીએ રામનામની મુદ્રિકા પોતાના મુખમાં મૂકી અને સમુદ્ર લાંઘવાની શક્તિ તેમને પ્રાપ્ત થઈ. દુર્ગમ થી દુર્ગમ લાગતું કાર્ય હનુમાનજીએ રામના અનુગ્રહ એટલે કે રામના પ્રેમથી પૂરું કર્યું. એમણે પોતાની શક્તિનો બિલકુલ અહંકાર કર્યો નથી, અને બધો જ પ્રતાપ શ્રીરામનો એટલે કે શ્રી રામ નામ રુપી મુખમાં રાખેલી મુદ્રિકાનો છે, એમ તેમણે કહ્યું. આટલું મોટું દુર્ગમ કાર્ય પાર પાડ્યું, છતાં પણ રતિભરનો અહંકાર નહીં! કેટલું અજીબ લાગે, આપણે તો નાની નાની વાતમાં પહેલા હું પછી તું, એવા વાદવિવાદમાં અટવાઈને સમય વ્યતિત કરી રહ્યા છીએ. કળીનો આ કાળ સતયુગમાં પરિવર્તિત કરવો હોય, રામ રાજ્ય સ્થાપિત કરવું હોય, તો માત્ર એક રામ નામ કાફી છે. રામ રાજ્યમાં તો દરેક જણને રામની શક્તિ પર વિશ્વાસ હોવો જોઈએ, રામ નામ સાથે અનુબંધ હોવો જોઈએ, રામના ચરિત્ર સાથે પ્રેમ હોવો જોઈએ, તેને અજીર્ત કરવાની તમન્ના હોવી જોઈએ, તો જ એ કાર્ય પાર પડે. હનુમાનજી જેવી નિષ્ઠા લાવવી,કે દાસત્વ સ્વીકારવું, એ આપણા બસની વાત નથી, નહીં તો આપણે ક્યારના ભક્તિ સુધી પહોંચી ગયા હોઈએ. એટલે કે આપણા જીવનમાં શાંતિ હોત! પરંતુ નથી એનો મતલબ સીધો છે કે આપણે કરવા માટે તો રામ નામનું લાખ વાર સ્મરણ કર્યુ, કે હનુમાન ચાલીસા કર્યા, પરંતુ એ નિષ્ઠા વગર કર્યું, કે પછી પ્રેમ વગર કર્યું, એટલે સફળ થયું નથી. પરંતુ ભાવ કુભાવથી રામનામ લેવું એ પણ કામ કરી ગયું, અને પ્રભુએ હવે જીવન સાર્થક કરવાનો મોકો આપ્યો છે, એટલે કે હજી સુધી જીવતા રાખ્યા છે, તો પ્રભુના નામ સ્મરણથી એની ભક્તિનાં સુંદરકાંડમાં પ્રવેશી અને ભક્તિને પણ યકીન થાય કે, આ રામદૂત જ છે! એવું સુંદર જીવન આપણે સૌ જીવવાનો સંકલ્પ કરીએ, અને ઝડપથી રામ રાજ્યને પ્રસ્થાપિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ચોરી-લૂંટ-ઠગાઈની સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે પોલીસે કર્યા બે પ્રશંસાપાત્ર ડિટેક્શન

# વૃધ્ધાઓનું વશીકરણ કરી લૂંટઃ બસ્સો ગુનામાં સામેલ ત્રિપુટી ઝડપાઇ

### તંત્ર-મંત્ર-ચમત્કારની વાતો કરી વૃધ્ધ મહિલાઓને ભોળવી મદારી ગેંગના સાગ્રીતો રોકડ-દાગીના પડાવતાંઃ બીજા કિસ્સામાં પંચોતેર લાખના સોનાની લૂંટમાં ગેંગ યુપીથી ઝડપાઇઃ મુદ્દામાલ ક્યાં ગયો? તેની તપાસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ વિજ્ઞાન અને ઈન્ટરનેટના યુગમાં પણ લોકો લેભાગુઓની જાળમાં ફસાઇ જતાં હોય છે. તંત્ર મંત્ર વશીકરણની વાતો કરી ચમત્કારથી દાગીના શોધી કાઢવાની અને પૈસાદાર બનાવી દેવાની લાલચ આપી લોકોને છેતરી લેતાં લેભાગુઓ ગામોગામ પોતાના પરચા આપીને લોકોના ખિસ્સા ખાલી કરી નાંખતા હોય છે. આવી એક મદારી ગંગને પોલીસે ઝડપી લીધી છે. જેણે રાજ્યભરમાં બસ્સોથી વધુ ફ્રોડ આચર્યા છે. આ ગેંગ મોટે ભાગે વૃધ્ધ મહિલાઓને જ ટારગેટ કરતી હતી. તેમને વિશ્વાસમાં લઈ દાગીના તેમજ રોકડ રકમ પડાવી લેતી હતી. મહિલાઓને પોતાનો ટાર્ગેટ બનાવતી ગેંગ તંત્ર-મંત્ર અને ચમત્કારોની વાતો કરી તેઓનું વશીકરણ કરી તેમના દાગીના તેમજ નાણાં પડાવતી હોવાની ચોંકાવનારી વિગતો તપાસમાં સામે આવી છે. બીજા ડિટેક્શનમાં તોંતર લાખની લૂંટમાં ગેંગને યુપીથી પકડી લેવામાં સફળતા મળી હતી.



પોલીસે જાહેર કરેલી માહિતી અનુસાર સંઘ પ્રદેશ દમણમાં છેલ્લાં ઘણાં સમયથી વૃદ્ધ મહિલાઓ સાથે લૂંટના એકલ-દોકલ અનેક કિસ્સા સામે આવ્યા હતાં. દમણના કચીગામ, સોમનાખ ડાભેલ અને આંટિયાવાડ વિસ્તારમાંથી ત્રણ મહિલાઓને વિશ્વાસમાં લઈ તેમનું વશીકરણ કરી સોના-ચાંદીના દાગીના પડાવી અજાણ્યા શખસો ફરાર થઈ ગયાની ફરિયાદ આવી હતી. બાદમાં સતત ત્રણ દિવસ સુધી પોલીસે આ મામલે તપાસ હાથ ધરી આરોપીને શોધવાનું શરૂ કર્યું. પોલીસે આસપાસના વિસ્તારમાંથી વિવિધ એંસીથી વધુ હોટેલ અને ગેસ્ટ હાઉસની તપાસ કરી હતી, તેમજ વિસ્તારના તમામ સીસીટીવી પર ચકાસવામાં આવ્યા હતાં. જેમાંથી મળેલા પુરાવાના આધારે પોલીસે ઉત્તર પ્રદેશના બે આરોપી ઈરફાન શાકિર અહેમદ અને સિકલ ઉર્ફે શેરખાન તેમજ તેમની મદદ કરનાર દમણના રીક્ષા ચાલક રાધે કુમાર યાદવને પકડી પાડ્યા છે. ત્રણેય આરોપીને પકડી પૂછપરછ કરતાં દમણ પોલીસે ત્રણ ગુનાના ભેદ ઉકેલી દીધા હતાં. જેમાં કચીગામ, સોમનાખ ડાભેલ અને આંટિયાવાડ વિસ્તારમાં વૃદ્ધ મહિલાને હિમ્પનોટાઇઝ કરી દાગીનાની લૂંટ કરી હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે આરોપી પાસેથી ૨૮ ગ્રામ સોનાના દાગીના, રીક્ષા, રોકડ રકમ અને મોબાઈલ સહિત અંદાજે ૩.૧૦ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નોંધનીય છે કે પોલીસ તપાસમાં આરોપીને જાણ થઈ કે, આ તમામ આરોપીઓ મદારી ગેંગના સાગરીતો છે. આ આરોપીઓએ અત્યાર સુધી બસ્સોથી વધુ લોકોની આ રીતે લૂંટ કરી ચુક્યા છે. હાલ, દમણ પોલીસે ત્રણેય આરોપીઓને રિમાન્ડ પર લઈ ગુનાહિત ભૂતકાળ વિશે તપાસ હાથ ધરી છે. રાજ્યમાં બીજે ક્યાં ક્યાં આ પ્રકારના ગુના આચર્યા છે તેની વિગતો પણ ઓકાવવા પ્રયાસ હાથ ધરાયા છે. અન્ય એક ડિટેક્શનમા અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં ૨ જાન્યુઆરીએ કનકપુરા જ્વેલર્સમાં ધોળા દિવસે બંદૂકની અણીએ ચાર શખ્સો ૭૩ લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના લૂંટીને ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ મામલે દુકાનદારે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જ્વેલર્સમાં લૂંટ કરવાના મામલે ચાર આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

ધરપકડ છતાં ૭૩ લાખ કિંમતના દાગીના ક્યાં છે તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે સમગ્ર મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે. બોપલ વિસ્તારમાં આવેલી કનકપુરા જ્વેલર્સની દુકાનમાં બીજી જાન્યુઆરીએ હેલ્મેટ અને રૂમાલ દ્વારા પોતાની ઓળખ છુપાવીને ચાર અજાણ્યા શખ્સો ઘૂસ્યા હતા. ત્યારબાદ બંદૂક બતાવીને દુકાનના કર્મચારીઓને બંધક બનાવીને ફરિયાદી ભરતભાઈ રામજીભાઈ સોનીના હાથ-પગ બાંધી દીધાને સોના, ચાંદી અને અન્ય કિંમતી વસ્તુઓ લૂંટી લીધી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે વિસ્તારમાં ૩૦૦ થી વધુ સીસીટીવી કેમેરાની તપાસ કરવાની સાથે સ્થાનિક રહેવાસીઓની પૂછપરછ કરી હતી. જ્યારે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતુ કે, લૂંટ બાદ આરોપીઓ ઉત્તર -દેશ ભાગી ગયા હતા. જેને લઈને પોલીસે એક ટ્રેકિંગ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં આરોપી ગાઝિયાબાદ, હાપુર, ફરુખાબાદ, અલીગઢ અને નોઈડામાં છુપાયેલા હોવાની પોલીસને જાણકારી મળી હતી. પોલીસે ટીમો બનાવીને ચારેયની ધરપકડ કરી લીધી.

સમગ્ર ઘટનામાં એરટેલ ટાવર સાથે કામ કરીને અમદાવાદના ભૂગોળની જાણકારી ધરાવતા માસ્ટરમાઈન્ડ બિરેન્દ્રકુમાર ચંદ્રપાલ ખટીકે આ લૂંટની યોજના બનાવી હતી. પોલીસે ખુલાસો કર્યો છે કે લૂંટ દરમિયાન ત્રણ દેશી બનાવટની પિસ્તોલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક પિસ્તોલ મળી આવી છે, જ્યારે બે હજુ પણ ગુમ છે. ધરપકડ છતાં ૭૩ લાખ કિંમતના દાગીના ક્યાં છે તે હજુ સુધી જાણી શકાયું નથી. તેર દિવસના રિમાન્ડમાં આ વિગતો ઓકાવાશે.

# સૌ. યુનિની મહત્તમ કામગીરી ડિજિટલ કરવા કુલપતિનો આદેશ

### ઉત્પલ જોશીએ ગઈકાલે યોજી પ્રથમ સંકલન બેઠક : પરીક્ષા વ્યવસ્થાને સુનિશ્ચિત કરવા અધિકારીઓ સાથે કરી મંત્રણા

રાજકોટ, તા. ૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિ ઉત્પલ જોશીએ ચાર્જ સંભાળ્યા બાદ યુનિવર્સિટીના વિભાગીય અધિકારીઓ સાથે ગઈકાલે એક સંકલન બેઠક યોજાઈ પરીક્ષા ની વ્યવસ્થા યોગ્ય કરવા તથા જે પડતર કામો છે તેને ઝડપભેર પૂર્ણ કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું એટલું જ નહીં પરીક્ષા પદ્ધતિને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે પણ ભાર મૂકવામાં આવ્યો હતો. મહત્વની વાત તો એ છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નવા આયામો સર કરે તે માટે દરેક સંયુક્ત પ્રયાસો કરવા માટે કાર્યની અગત્યતા, ચોકસાઈ, યોગ્ય નિયમોનું પાલન તથા વિદ્યાર્થીઓને અગ્રતા આપવા માટે તમામ વિભાગોને સજ રહેવા અને તે દિશામાં જ કાર્ય કરવા જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર યુનિવર્સિટીની મહત્તમ કામગીરી ડીજીટલાઇઝ કરવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

બીજી તરફ નવ નિયુક્ત કુલપતિએ એ વાતની પણ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે યુનિવર્સિટીની જે વેબસાઈટ છે તે યુઝર ફ્રેન્ડલી બને તે ખૂબ જરૂરી છે જેના માટે યોગ્ય ટેકનોલોજી નો ઉપયોગ કરવો આવશ્યક છે. આજે યોજાયેલી બેઠકમાં કુલ સચિવ ડોક્ટર રમેશ પરમાર, પરીક્ષા નિયામક ,ઓડિટર, મુખ્ય હિસાબી અધિકારી, નાયબ કુલ સચિવ તેમજ યુનિવર્સિટીના વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહત્વનું એ છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચડી માટે ભૂતકાળમાં લેવાયેલા યુજીસી નેટ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની પીઈટી પાસ તથા તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૪ માં લેવાયેલી જીએસટી પાસ કરેલા હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે આજથી તારીખ ૨૨ જાન્યુઆરી સુધી યુનિવર્સિટી નું પીએચડી રજીસ્ટ્રેશન પોર્ટલ ખોલવામાં આવ્યું છે.

નવનિયુક્ત કુલપતિ ઉત્પલ જોશીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ સૌથી મોટો પડકાર એ છે કે જે રીતે યુનિવર્સિટીની છબી ખરડાઈ છે તેને દૂર કરવા અને ફરીથી છબીને સુધારવા માટે હાલ તમામ સંભવત પ્રયત્નો હાથ ધરવામાં આવશે. જ્યાં સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની છબી નઈ સુધરે ત્યાં સુધી તેની અસર એડમીશન ઉપર પણ પડે તો નવાઈ નહીં. તમામ મુદ્દે અધિકારીઓ સાથે પ્રથમ સંકલન બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી અને યોગ્ય માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# મહાકુંભના શ્રદ્ધાળુઓ માટે ગુજરાત સરકારનો અનોખો અભિગમ

### ગુજરાત પેવિલિયન ગુજરાત થી આવતા યાત્રીકો માટે બનશે અત્યંત મહત્વનું



રાજકોટ, તા. ૧૭

ભારતનો સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળો એટલે કુંભનો મેળો. પૂર્ણ કુંભ મેળો દર ૧૨ વર્ષે આયોજિત થાય છે. આ વર્ષ એટલે કે ૨૦૨૫નો મહા કુંભ મેળો આધ્યાત્મિક દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ છે. કારણ કે, હિન્દુ સંસ્કૃતિ મુજબ ચારેય મુખ્ય ગ્રહો- સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ સંરેખિત થશે. આ સંયોગ દર ૧૪૪ વર્ષમાં એકવાર આવતો હોવાથી આ મહાકુંભ અતિ વિશિષ્ઠ માનવામાં આવે છે. ભારત સહિત વિશ્વભરના ભક્તો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થઈ ગંગા, યમુના અને સરસ્વતી જેવી પવિત્ર નદીઓના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને ધન્યતા અનુભવે છે. ગુજરાતમાંથી લાખો ભાવિકો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જઈ રહ્યાં છે. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે તા. ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી 'ગુજરાત પેવિલિયન' બનાવવામાં આવ્યું છે. ગુજરાત પેવિલિયનનો મુખ્ય ઉદ્દેશ ભારત સહિત વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતના વૈવિધ્યસભર વારસાથી પરિચિત કરાવી તીર્થયાત્રીઓને શક્ય તમામ પ્રકારની મદદ કરવાનો છે. આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને ગુજરાતીઓ મહાકુંભ-૨૦૨૫ને લગતી તમામ માહિતી ઉપરાંત પેવેલિયનની વિવિધ સેવાઓ વિશે જાણકારી મેળવી શકશે.

#### ગુજરાત પેવિલિયનની મુખ્ય વિશેષતાઓ

" મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓને માર્ગદર્શન તથા મહાકુંભને લગતી તમામ માહિતી સરળતાથી મળી રહે તે હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૨૪ કલાક કાર્યરત હેલ્પ ડેસ્કની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ છે.

" વિશ્વભરમાંથી આવતા શ્રદ્ધાળુઓ ગુજરાતના સાંસ્કૃતિક, પ્રાકૃતિક તથા ઐતિહાસિક વારસાથી માહિતગાર થઈ શકે તે હેતુથી ગુજરાતના શ્રેષ્ઠ પર્યટક સ્થળોની ઝાંખી ત્યાં ઊભી કરવામાં આવી છે.

" મહાકુંભમાં આવતા ભક્તો અને પ્રવાસીઓ ગુજરાતના હસ્તકલા વારસાથી માહિતગાર થઈ શકે ઉપરાંત ખરીદી પણ કરી શકે તે હેતુથી ગુજરાતના વૈવિધ્યસભર હસ્તકલાના ૧૫ જેટલા સ્ટોલ પણ બનાવાયા છે.

" પેવેલિયનમાં ગુજરાતની ગ્રામીણ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા ૧૦ સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં યાત્રિકો સ્વાદિષ્ઠ ગુજરાતી ભોજનનો આનંદ લઈ શકશે. આ પગલાંથી ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બનશે.મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા જતા ગુજરાતના શ્રદ્ધાળુઓ કોઈપણ જાતની અગવડ વિના યાત્રા કરી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાત પેવિલિયન બનાવવામાં આવ્યું છે.

### દાદાગીરીની ઘટનાઓઃ મોટા મવા રહેતાં રમેશભાઇએ વાંકાનેર નજીક ખાણ લીઝથી રાખી હોઇ ધંધાખાર રાખી ડખ્ખો કરાયો

# વેપારીને ફોનમાં ખૂનની ધમકી, તેના કર્મચારીને બેલા ફટકારાયા

### રાજકોટ મોટા મવા અને વાંકાનેરના જસાપરના બનાવમાં પોલીસે તપાસ શરૂ કરીઃ નવા થોરાળામાં અરજીનો ખાર રાખી રિક્ષાચાલકને ઝીંકાયા છરીના ઘા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ શહેરમાં દાદાગીરી-ડખ્ખાડુખ્ખીની ઘટનાઓ રોજબરોજ બનતી જ રહે છે. કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની એફઆઇઆર દાખલ થતી જ રહે છે. જેમાં ફરિયાદ ન થાય તેવા બનાવો પણ અનેક હોય છે. વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં શહેરના મોટા મવા કદમ્બ હાઇટ્સ ખાતે રહેતાં વેપારીને કુવાડવાના શખ્સે ધંધા ખારને કારણે ફોન કરી ગાળો દઇ મારી નાખવાની ધમકી આપી હતી. આ પછી આ શખ્સના પિતા સહિતના શખ્સોએ વેપારીને વાંકાનેર નજીક ખાણની લીઝ મળી હોઇ ત્યાં ખાણના સ્થળે જઇ કર્મચારીને સીસીટીવી કેમેરા ફીટ કરતાં અટકાવી બેલાથી માર મારતાં ભય ફેલાઇ ગયો હતો. બંને બનાવમાં રાજકોટ અને વાંકાનેર પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો મોટા મવા કદમ્બ હાઇટ્સમાં રહેતાં અડતાલીસ વર્ષના રમેશભાઇ ચનાભાઇ ઓડેદરાને વાંકાનેરના જામસર ખાતે ખાણની લીઝ મળી હોઇ આ બાબતે ધધાખાર રાખી કુવાડવાના જીગર નામના શખ્સે ફોન કરી ગાળો દઇ ધમકી દેતાં તાલુકા પોલીસમાં ફરિયાદ થઇ છે. એક તરફ તેમને ફોન પર ધમકી અપાઇ હતી તો બીજી તરફ તેમણે જે ખાણ લીઝથી રાખી છે એ સ્થળે કર્મચારી વાંકાનેરના પાડધરા ગામે રહેતા ત્રેવીસ વર્ષના મહેશ દેવાભાઇ ઓડેદરા પર ત્રણ શખ્સોએ ઝઘડો કરી પથ્થર-બેલાથી હુમલો કર્યો હતો. રાજકોટના બનાવમાં તાલુકા પોલીસે રમેશભાઇની ફરિયાદ પરથી કુવાડવાના જીગર પ્રવિણભાઇ કરમુર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

રમેશભાઇના કહેવા મુજબ હું ખાણ ખનીજને લગતો વેપાર કરુ છું. હાલમાં મને વાંકાનેરના જામસર ચોકડીએ બેલાની ખાણની લીઝ મળી છે. બપોરે મને ચારેક ફોન આવ્યા હતાં પરંતુ કામમાં હોઇ રિસીવ કર્યા નહોતાં. બાદમાં ઘરે આવતાં બીજા ત્રણ કોલ આવતાં મેં સાંજે ફોન કરી કોણ બોલો છો? પુછતાં તેણે ગાળો દીધી હતી અને તું ક્યાં છે આજે તને મારી જ નાખવો છે હું દસ જ મિનીટમાં તું જ્યાં હો ત્યાં આવુ છું કહી ધમકી દઇ ફોન કાપી નાખ્યો હતો. તપાસ કરતાં કુવાડવાના પ્રવિણભાઇ કરમુર કે તેઓ પણ ખાણખનીજને લગતું કામ કરતાં હોઇ તેના દિકરા જીગરે ધંધાખારને કારણે મને ધમકી દીધાનું જણાતાં ફરિયાદ કરી હતી.




વેપારીને ફોન કરી કુવાડવાના શખ્સે કહ્યું-દસ જ મિનીટમાં હું આવુ છું, આજે તો તને મારી જ નાખવો છે, જ્યાં હો ત્યાં જ રહેજે!

બીજી તરફ જામસરની રમેશભાઇની ખાણ ખાતે વાંકાનેરના પાધડાર ગામે રહેતો મહેશ દેવાભાઇ ઓડેદરા નોકરી કરતો હોઇ તે બેલાની ખાણ ખાતે કેમેરા ફીટ કરાવતો હતો ત્યારે ત્રણ શખ્સોએ આવી માર મારી બેલા-પથ્થરથી ઇજા પહોંચાડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં પોતાને પ્રવિણ કરમુર, પ્રફુલ ભુવા અને પ્રદિપે માર માર્યાનું જણાવતાં તે મુજબની નોંધ એએસઆઇ રામશીભાઇ વરૂ, હેડકોન્સ. અશ્વિનભાઇ રાઠોડ, કોન્સ. ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ વાંકાનેર તાલુકા પોલીસમાં કરાવી હતી. મહેશ તેના ગામથી ચારેક કિ.મી. દૂર આવેલી બેલાની ખાણ ખાતે કામ કરે છે. દેખરેખ રાખવા માટે કેમેરા ફીટ કરાવતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. બંને બનાવમાં રાજકોટ, વાંકાનેર પોલીસ તપાસ કરી રહી છે. મારામારીની અન્ય એક ઘટના નવા થોરાળા બાપા સિતારામનગર-૨માં બની હતી. જેમાં રિક્ષાચાલક હરજી ઉર્ફ નિર્મળ વિનુભાઇ ગોહેલ નામના ચોત્રીસ વર્ષના યુવાનને સંજય દેવીપૂજકે અગાઉની અરજીનો ખાર રાખી ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી તેમજ કપાળ, વાંસા અને સાથળમાં છરીના ઘા મારી દીધા હતાં. થોરાળા પોલીસ સ્ટેશનના આસી. સબ ઇન્સ. ભાવેશભાઇ વસવેલીયાએ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટમાં ચાર ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ ઓચીંતા સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા

# હિટ એન્ડ રનમાં પશુપાલકનો જીવ ગયોઃ યુવાનને દિલે દગો દીધો

## એક મહિલાને આંચકી ઉપડ્યા બાદ શ્વાસ થંભી ગયાઃ એક દંપતિએ ત્રણ દિવસ પહેલા જ જન્મેલા લાડકવાયાને ગુમાવી દીધો

રાજકોટઃ વાહન અકસ્માત, હૃદય રોગના હુમલા તેમજ એકાએક બેભાન થઇ જતાં મૃત્યુ થવાની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. વધુ આવી ચાર ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં. જેમાં કોઠારીયા લાપાસરી રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં પશુપાલકનો જીવ ગયો હતો. હૃદય ધબકારા ચુકી જવાને કારણે પોપટપરા રેલનગરના યુવાનની જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતો. તો ત્રીજી ઘટનામાં કોઠારીયા રોડ વિસ્તારના મહિલાને આંચકી ઉપડ્યા બાદ બેભાન થઇ જતાં મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં મવડી વિસ્તારના એક દંપતિએ ત્રણ દિવસ પહેલા જન્મેલા નવજાત દિકરાને ગુમાવી દીધો હતો. આપઘાતના પ્રયાસની અન્ય બે ઘટનાઓ પણ બનતાં યુવાન અને સગીરાને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.

જીવલેણ વાહન અકસ્માત-હિટ એન્ડ રનની ઘટના વિશે જોઇએ તો કોઠારીયાના લાપાસરી રોડ પર છાપરા બાંધીને રહેતાં અને ભેંસો ચરાવી ગુજરાન ચલાવતાં મુળ ગોંડલ પંથકના પશુપાલક પચાસ વર્ષની ઉંમર ધરાવતાં વેદરાજભાઇ કાળુભાઇ માલાણી મોટરસાઇકલ સહિત ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. માહિતી અનુસાર વેદરાજભાઇ ઘણા સમયથી કોઠારીયાના લાપાસરી રોડ પર આવેલા બેકબોનના ભરડીયા પાસે છાપરૂ બાંધીને રહેતાં હતાં અને ભેંસો ચરાવતાં હતાં. તેઓ મોટરસાઇકલ પર ભેંસો માટે ખોળની ગુણી લેવા ગયા હતાં. પરત છાપરા તરફ જતાં હતાં ત્યારે લાપાસરી રોડ કામલીયા ગૌશાળા પાસે ડમ્પરનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેઓ ફંગોળાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

અકસ્માત સર્જી ડમ્પર ચાલક ભાગી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનાર વેદરાજભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. બનાવથી પરિવરમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, અશ્વિનભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇએ આજીડેમ પોલીસને જાણ કરતાં ડમ્પર ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.



**આપઘાતના પ્રયાસની બે ઘટનામાં યુવાન અને બાળા સારવાર હેઠળઃ શેઠે પૈસા ન દેતાં યુવાને ઝેર પીધું, સગીરામાં કારણ અકળ રહ્યું**

બીજા બનાવમાં હાર્ટએટેક વધુ એક વખત જીવલેણ સાબીત થયો છે. પોપટપરાથી આગળ રેલનગર પાસે ક્રિષ્ના સીટીમાં રહેતાં આડત્રીસ વર્ષના પિયુષભાઇ જગદીશચંદ્ર જોષી નામના યુવાનને ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પ્ર.નગર પોલીસને જાણ થતાં પીએસઆઇ એ. એમ. જાડેજાએ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. પિયુષભાઇને હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું.

ત્રીજા બનાવમાં કોઠારીયા રોડ પર મંગલ પાર્ક-૩માં રહેતાં બેતાલીસ વર્ષના સારીકાબેન રમેશભાઇ ગોંડલીયા નામના મહિલા સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારજનો શોકમાં ગરકાવ થઇ ગયા હતાં. સારીકાબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ ટ્રેકટર રીપેરીંગનું કામ કરે છે. સાંજે તેણીએ એકાએક ત્રણ ચાર આંચકી આવ્યા બાદ બેભાન થઇ ગયા હતાં અને મૃત્યુ થયું હતું. આજીડેમ પોલીસને જાણ થતાં આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં મવડી પ્લોટના વિનાયક નગરમાં રહેતાં પરિવારમાં સંક્રાંતિના દિવસે જન્મેલા દિકરાનું બેભાન થઇ ગયા બાદ જન્મના ત્રીજા જ દિવસે મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વિનાયકનગર-૧૧માં રહેતાં કિશનભાઇ રાણાભાઇ પરમારનો પુત્ર કે જે ત્રણ દિવસની વયનો હતો તે સાંજે અચાનક બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી ઝનાના હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હોઇ માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવી હતી. કિશનભાઇ કારખાનામાં મજુરી કરે છે. તેના કહેવા મુજબ તેના પત્નિ મંજુલાએ સંક્રાંતિના દિવસે આ દિકરાને જન્મ આપ્યો હતો. આમ તો બાળક સ્વસ્થ હતું પણ વજન બે કિલો જેવુ જ હતું. બપોર સુધી બાળક રમતું હતું. સાંજે તેને માતાએ દૂધ પીવડાવવા પ્રયાસ કર્યો ત્યારે હલનચલન બંધ થઇ ગયું હોઇ હોસ્પિટલે ખસેડ્યું હતું. પણ તેનામાં જીવ ન હોવાનું તબિબે જાહેર કર્યુ હતું. મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. આમ ચાર ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો.

આપઘાતના પ્રયાસની બે ઘટનામાં અમરેલીના ફતેપુરમાં રહેતાં અઠ્ઠાવીસ વષૃના જીજ્ઞેશ મુકેશભાઇ ડાબસરા નામના યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જીજ્ઞેશને એક બહેન છે અને બંને ભાઇ-બહેન જુડવા છે. જીજ્ઞેશે જણાવ્યું હતું કે પોતે અમરેલીના જગદીશભાઇનો ટ્રક હંકારી ગુજરાન ચલાવે છે. આ ટ્રકને અકસ્માત નડ્યો હોઇ કોર્ટ કાર્યવાહી થઇ હતી. આ અંગે વકીલને ફી ચુકવવાની હતી. જેના પંદર હજાર રૂપિયા શેઠે આપવાની ના પાડી દેતાં પોતાની પાસે આટલી રકમ ન હોઇ ટેન્શનમાં આવી જતાં આ પગલુ ભર્યુ હતું.જ્યારે ચોટીલાના નવાગામમાં રહેતી પંદર વર્ષની જીલુ નાગરભાઇ ડેડાણીયા નામની બાળાએ એસિડ પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ છે. જીલુએ ગઇકાલે બપોરે એસિડ પી લેતાં બેભાન થઇ જતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. તેણી બે ભાઇ અને ત્રણ બહેનમાં નાની છે. પિતા ખેતી મજૂરી કરે છે. જીલુ બેભાન હોઇ કારણ જાણી શકાયુ નથી. ચોટીલા પોલીસ વધુ તપાસ કરે છે.

---

પ્રજાસત્તાક દિન નિમિત્તે

## ગૌહત્યા પ્રતિબંધ - ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરો કરવા એનીમલ હેલ્પ લાઈનની માંગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એનિમલ હેલ્પલાઇનની રજૂઆત : ગૌ મંત્રાલયની સ્થાપના કરવામાં આવે અને રાષ્ટ્રીય કામધેનુ આયોગની પણ પુનઃ રચના કરવા કરાઈ માંગણી



રાજકોટ, તા.૧૭

પ્રજાસત્તાક દિન નિમિત્તે ગૌહત્યા પ્રતિબંધ તથા ગૌમાતા ને રાષ્ટ્રમાતા ઘોષિત કરવા અંગેના નિર્ણયની જાહેરાત કરવા માટે ગૌપ્રેમી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને એનિમલ હેલ્પલાઇન દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને ભારતીય સંસ્કૃતિમાં ગાયનું ખૂબ જ ધાર્મિક, સામાજિક અને આર્થિક મહત્વ છે. ગાયને સમાજમાં 'માતા'નું સ્થાન આપવામાં આવ્યું છે, જે ભારતીય પરંપરા અને મૂલ્યોનું અભિન્ન અંગ છે.

સમાજ માટે માત્ર ધાર્મિક દષ્ટિકોણથી જ નહીં પરંતુ આર્થિક દષ્ટિકોણથી પણ ગૌવંશ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે કૃષિ કાર્ય, દૂધ ઉત્પાદન અને જૈવિક ખાતરો જેવા કુદરતી સંસાધનો માટે મૂળભૂત આધારસ્તંભ છે. ગૌહત્યા માત્ર ભારતીય સાંસ્કૃતિક વારસાને જ નુકસાન પહોંચાડતી નથી, પરંતુ પર્યાવરણ અને ગ્રામીણ અર્થતંત્ર પર પણ નકારાત્મક અસર કરે છે.

આ કારણે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇન - રાજકોટ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ગૌહત્યા પર કડક પ્રતિબંધ લાદવા માટે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના પ્રજાસત્તાક દિન પર તેમના નિવેદનમાં આ વિશેની જાહેરાત કરવા તથા ભારતના ભારત સરકાર દ્વારા ગાય માતાને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો મળે અને દરેક રાજ્યો પણ ગૌમાતાને 'રાજયમાતા' ઘોષિત કરે તેવી તેમજ વિશેષ ગૌ મંત્રાલયની સ્થાપના કરવામાં આવે અને રાષ્ટ્રીય કામધેનુ આયોગની પણ પુનઃ રચના કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

---

## બનેવીએ રૂપિયા ૩૫ હજાર સલવાડતા સાળાએ માર્યા ગળે બ્લેડના કાપા

લોઠડા ગામનો બનાવઃ યુવક સિવિલ હોસ્પિટલમાં દાખલ



રાજકોટ મીરર, તા.૧૭

લોઠડા ગામમાં રહેતા યુવકે પોતાની જાતે જ ગળામા બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ યુવક સારવારમાં છે. યુવકે તેના બનેવીને ઉછીના પૈસા આપ્યા હોય જે પરત ન આપતાં કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લોઠડા ગામમાં ધાર પર રહેતાં ભગીરથસિંહ ભાણજીભાઈ શેઠ (ઉ.વ.૩૨) નામનો યુવક આજે સવારના દસ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે પોતાની જાતે જ ગળામાં બ્લેડ મારી દેતાં યુવક લોહી લુહાણ થઈ ગયો હતો. જેની જાણ પરિવારને થતાં તુરંત યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં છે.

યુવકે તેના બનેવીને ૩૫૦૦૦ રૂપિયા ઉછીના આપેલ હોય જે પૈસા અનેક વાર માંગવા છતાં પરત ન આપતાં યુવકે કંટાળી પોતાની જાતે જ ગળામાં બ્લેડ મારી લીધી હતી. યુવક મજુરી કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

---

## શહેર કક્ષાના પ્રજાસત્તાક દિનની ચૌધરી હાઈસ્કુલમાં થશે ઉજવણી

રાજકોટ, તા.૧૭

પ્રાંત-૧ અધિકારી દ્વારા ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ

રાજકોટ તા. ૧૭ જાન્યુઆરી - રાજકોટ શહેર ખાતે ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલ ખાતે થનાર છે. આ માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન મુજબ, પ્રાંત-૧ અધિકારી દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.



આજે શહેર પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારની અધ્યક્ષતામાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના આયોજન માટે તેમની કચેરીમાં બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રાંત-૧ અધિકારી દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી દેશભક્તિપૂર્ણ માહોલમાં યોજાય તે માટેની સૂચનાઓ આપવામાં આવી હતી. ૨૬મી જાન્યુઆરીની ઉજવણી સંદર્ભે ૨૪મીએ ચૌધરી હાઈસ્કૂલ ખાતે રિહર્સલ યોજવામાં આવશે.

---

## કારમાં બેસી ક્રિકેટ સટ્ટો રમતો સ્મિત ફળદુ પકડાયો

### રૂ.૨,૨૫,૦૦૦નો મુદામાલ કબજે કરતી રાજકોટ તાલુકા પોલીસ

રાજકોટ, તા.૧૭

શહેરમાં પી.સી.બી. પોલીસે જુગાર દરોડો પાડી રૂ.૨,૨૫,૦૦૦નો મુદામાલ કબજે કરી ક્રિકેટ સટ્ટો ખેલતા શખ્શ સામે કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પીસીબી પોલીસને પાર્ટી પ્લોટ સિલ્વર સ્ટોન એપાર્ટમેન્ટ પાસે હતી ત્યારે બાતમી મળી હતી કે સ્મિત ફળદુ નામનો શખ્શ જીજે ૧૬ બીએન ૮૧૭૦ નંબરની કારમાં ઓનલાઇન ક્રિકેટ મેચોમાં રનનાં સોદા કરી આઈ-ડી મોકલી જુગાર રમાડે છે.

બાતમી પરથી પોલીસે દરોડો પાડતા સ્મિત નિતીનભાઈ ફળદુ (રહે. ૧૦૧ સિલ્વર સ્ટોન, જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશિપ)નો શખ્સ હોવાનું પોલીસે જણાવ્યું હતું આ સાથે પોલિસે સ્મિત પાસેથી લેપટોપ, મોબાઈલ, કાર સહીત રૂ.૨,૨૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**સગીરાનું અપહરણ**

મુળ બીહાર હાલ માલવીયાનગર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા ગત તા. ૯ ના રોજ બપોરે જમીને કોઈને કહ્યા વગર પોતાના ઘરેથી નીકળ્યા બાદ પરત ન આવતા તેના માતા-પિતા સહિતના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી.કદાચ તેમના દેશમાં ચાલી ગઈ હોવાની તપાસ કરતા ત્યાં પણ નહિ પહોચતા દીકરીનું અપહરણ થયાનું લાગતા માલવિયા નગર પોલીસમાં અજાણ્યા શખ્સ સામે ગુન્હો નોંધી પોલીસે તપાસ આદરી છે.

---

દોસ્ત દોસ્ત ના રહાઃ વ્યાજે પૈસા અપાવ્યા પણ મિત્રતામાં મિત્રએ જ કરવાં પડ્યા ઝેર ના પારખાં

## મિત્રએ લીધેલી લોનનું વ્યાજ ભરીને થાકેલા મિત્રએ ગટગટાવી ઝેરી દવા

### ભગવતીપરા મેઇન રોડ પર પોતાની સલુનની દુકાનમાં જ પગલું ભર્યુંઃ સારવારમાં

રાજકોટ મીરર, તા.૧૭

શહેરના ભગવતીપરા મેઇન રોડ પર ઝમ ઝમ બેકરીની સામે રહેતાં મનીષભાઈ ભટ્ટીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને પોતાના નામે લોન ઉપાડી પૈસા તેના મિત્રને આપ્યાં હતાં. પરંતુ મિત્ર લોનનું વ્યાજ ભરતો ન હોય જેથી વ્યાજ મનીષભાઈ ભરતા હતા. વ્યાજની ભરપાઈ કરી ન શકતા કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરા મેઇન રોડ પર ઝમ ઝમ બેકરીની સામે રહેતાં મનીષભાઈ જેન્તીભાઈ ભટ્ટી (ઉ.વ.૪૫) નામના આધેડે ગઈ કાલ બપોરના બે વાગ્યાની આસપાસ પોતાની ભગવતીપરા મેઇન રોડ પર આવેલ ઓમ સાંઈ સલુનમાં કોઈ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેની જાણ પરિવારને થતાં તુરંત દોડી ગયા હતા. અને તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તેઓની તબિયત વધુ નાજુક હોય જેથી ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં



હતાં. બનાવ અંગે તેના પુત્રએ જણાવ્યુ હતું કે મનિષભાઈને ભગવતિ પરા મેઇન રોડ પર માધવ પાનની સામે સાઈ સલુન નામની દુકાન છે. મનીષભાઈના મિત્ર સુરેશ જોશી અને સંજય જોશીને સાબુની એજન્સી માટે મોટી રકમની જરૂર હોય જેથી તેનાં મિત્ર સુરેશ જોશી અને સંજય જોષીએ મનીષભાઈના નામે લોન લેવાની વાત કરી હતી. જેથી મનીષભાઈએ મિત્રતાના નાતે ફાઈનાન્સમાથી ૪૦ લાખની લોન લીધી હતી. અને પર્સનલ લોન સહિત અન્ય લોન કરી કુલ ૧ કરોડને ૧૦ લાખની લોન પોતાના નામે લિધી હતી. અને તે પૈસા તેના મિત્ર સુરેશ અને સંજયને આપ્યા હતા.

પરંતુ લોનનું વ્યાજ તેના મિત્ર ભરતા ન હોય અને છેલ્લાં પાંચેક વર્ષથી મનીષભાઈ જ વ્યાજ ભરતા હતા. હવે વ્યાજના પૈસા ભરી ન શકતા મનીષભાઈએ કંટાળી પોતાની જ સલુનની દુકાનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ તેઓ સદભાવના હોસ્પિટલમાં સારવારમાં છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

## ખાતરમાં ભાવ વધારો ખેડૂતો માટે પડ્યા પર પાટું : શક્તિસિંહ

### જિ.પં.ચોકમાં NSUI આયોજિત મશાલ રેલીઃ પ્રદેશપ્રમુખના સરકાર પર ચાબખા



રાજકોટ, તા.૧૭

રાજકોટમાં આજે જીલ્લા પંચાયત ચોકમાં એનએસયુઆઈ આયોજિત મશાલ રેલીમાં હાજર રહેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સરકાર સામે આકરા પ્રહારો કરી રાસાયણિક ખાતરમાં કરાયેલો વધારો ખેડૂતો માટે પડ્યા પર પાટુ સમાન ગણાવ્યો હતો.

તેઓએ ખેડૂત વિરોધી સરકારના દાખલા આપતા કહ્યું હતું કે, મત જોઈતા હતા ત્યારે સરકારે કહ્યું કે ખેડૂતોની આવક ડબલ કરી દઈશું. પણ તેની જગ્યાએ રાસાયણિક ખાતરના ભાવમાં જંગી વધારો કરીને ખેડૂતોના ખર્ચ બમણો કરી દીધો છે.

ગોહિલે વધુમાં કહ્યું કે, ૨૦૧૪ માં કોંગ્રેસની સરકાર હતી ત્યારે મગફળીના મણના રૂપિયા ૧૫૦૦ ઉપજયા હતા. ૧૦ વર્ષ પછી ભાવ વધવાને બદલે ઘટીને હવે ખેડૂતોને મગફળીના માંડ માંડ રૂ. ૯૦૦-૧૧૦૦ મળે છે. અગાઉ મગફળી મોંઘી મળતી હતી છતાં સિંગતેલનો ડબ્બો રૂ. ૧૭૦૦માં મળતો હતો આજે સિંગતેલનો ડબ્બો રૂ.૨૮૦૦એ પહોંચ્યો છે પણ મગફળીના ભાવ તળીયે સરકી ગયા હોવાનો શક્તિસિંહ ગોહિલે આક્ષેપ કર્યો હતો.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાસાયણિક ખાતરમાં રૂ. ૨૫૦ નો કરાયેલો વધારો ખેડૂતો માટે અસહ્ય છે.

આવો ભાવ વધારો ખેડૂતો માટે સાંખી લેવાય તેમ નથી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં કરાયેલા બાબા સાહેબ આંબેડકરજીના અપમાનની વાત ઉચ્ચારી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતુંકે પોતાની પણ સંસદમાં હાજરી હતી ત્યારે અમિત શાહ બોલ્યા હતા કે " આજકલ ફેશન બન ગઈ હૈ આંબેડકર, આંબેડકર, આંબેડકર બોલને કી, આંબેડકર કી જગહ ભગવાનના કા નામ લો તો સ્વર્ગ મિલેગા"?! આવું બોલ્યા ત્યારે ઉપસ્થિત ઘણા સાંસદોએ બુમો પાડી કહ્યું હતું કે, અમિતજી આંબેડકરજી અથવા તો બાબા સાહેબ બોલો, પણ શાહે કોઈનું સાભળ્યું ન હતું તેવો આક્ષેપ શક્તિસિંહ ગોહિલે અમિત શાહ સામે કર્યો હતો.

રાજકોટમાં આજના આ કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના પ્રદેશ, સ્થાનિક સ્તરના કાર્યકરો, આગેવાનો, વિદ્યાર્થી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મવડી કણકોટ રોડ, જુની કલેક્ટર કચેરી પાસે, જ્યુબીલી બાગ નાગરીક બેંક પાસે અને ગાંધીગ્રામ વિસ્તારમાં બનેલી લૂંટની ઘટનાઓનો ભેદ ખુલ્યો

# ઘેની ચા-સોડા-લચ્છી પાઇ બેભાન કરી ૪ 'ડોસીમા'ને લૂંટી લેવાયા!

**ઠગ દંપતિ વૃધ્ધાઓને અલગ અલગ બહાના હેઠળ 'ઘેની પીણા' પાસ અર્ધબેભાન કરી સોનાના દાગીના લૂંટતાઃ થોડા ભાનમાં રહેલા વૃધ્ધા પ્રતિકાર કરે તો તમાચા મારી સાવ બેભાન કરી હાથ સાફ કરતાઃ તાલુકા પોલીસને આરોપી સુધી પહોંચવામાં સફળતા**



રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં ચોર-ગઠીયા-લૂંટારાઓ ગમે ત્યારે અલગ અલગ રીતે પોતાની કામગીરી થકી પોલીસને પડકારા કરી જાય છે. જો કે પોલીસ પણ પડકાર ઝીલીને આવા ગુના આચરાનારોને દબોચી લઇ ખોખરા કરી નાખે છે. શહેરમાં સંક્રાંતિના આગલા દિવસે તેમજ સક્રાંતના દિવસે લૂંટની બે ઘટના અને એ પહેલાના દિવસોમાં પણ એક જ સરખી મોડસ ઓપરેન્ડીથી બે લૂંટ થઇ હતી. જેમાં એક સ્ત્રી અને પુરૂષ દ્વારા અલગ અલગ ચાર સ્થળોએ ચાર વૃધ્ધાને ઘેની પીણા જેમ કે ચા, સોડા, લચ્છી, સરબત અલગ અલગ બહાના કરી પીવડાવી અર્ધબેભાન કરી લાફા તમાચા મારી સાવ બેભાન કરી સોનાના દાગીના રોકડ, મોબાઇલ લૂંટી લેવાયા હતાં. આ ચાર ગુનાનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી શકમંદ સ્ત્રી-પુરૂષને સાણસે લઇ પુછપરછનો દોર શરૂ કર્યો છે. વધુ ભેદ ખુલવાની પણ વકી છે.

વૃધ્ધાઓને પીણા પાઇ બેભાન કરી માર મારી લૂંટી લેવાના જે ચાર બનાવ છેલ્લા એક મહિનામાં બન્યા તેમાં તાલુકા પોલીસમાં એક, એ-ડિવીઝનમાં બે અને ગાંધીગ્રામ પોલીસમાં એક ગુનો દાખલ થયો હતો. પ્રથમ ગુનાની વિગતો જોઇએ તો મુજબ સંક્રાતિના દિવસે મવડી કણકોટ રોડ પર અવાવરૂ જગ્યાએ રેતીના ઢગલા પાસેથી વૃધ્ધા અર્ધબેભાન મળ્યા હતાં. તેમને ઠગ સ્ત્રી-પુરૂષે બેભાનીયા પીણા પાઇ તમાચા મારી દાગીના લૂંટી લીધાનું ખુલ્યું હતું. આગલા દિવસે એટલે કે ચૌદમી તારીખે આ વૃધ્ધાને ઘેની ચા-સોડા પીવડાવાતાં તેઓ છેક પંદરમી સુધી રેતીના ઢગલા પાસે સુતા રહ્યા હતાં. પરિવારજનો તેમને શોધવા નીકળ્યા બાદ તેમની સાથે લૂંટ થયાની ખબર પડી હતી. આ બનાવમાં તાલુકા પોલીસે મવડી કણકોટ રોડ પર શીવ ટાઉનશીપ સામે લાલુભાઇ પારેખ ટાઉનશીપ સી-વીંગ બ્લોક નં. ૨૦૩માં બાંસઠ વર્ષના રહેતાં પુષ્પાબેન લાલજીભાઇ નકુમની ફરિયાદ પરથી અજાણ્યા મહિલા-પુરૂષ સામે ફરિયાદ દાખલ કરી હતી. પુષ્પાબેનને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારો મોટો દિકરો નાના મવા રોડ રવિન્દ્રનાથ ટાગોર ટાઉનશીપ ખાતે રહે છે.

સંક્રાંતિના રોજ હું રામધણ આશ્રમે દર્શન કરવા એકલી ઘરેથી સવારે અગિયારેક વાગ્યે ચાલીને જવા નીકળી હતી. ત્યાં દર્શન કર્યા બાદ બાજુમાં પ્રગટેશ્વર મહાદેવ મંદિરે ગઇ હતી. ત્યાંથી મારે દવાખાને જવું હોઇ ચાલીને નીકળી ત્યારે સાવન ચોક ખાતે બે બાપા બેઠા હોઇ તેમને મેં સરકારી દવાખાનુ આજુબાજુમાં ક્યાંય છે કે કેમ? તે પુછતાં તેમણે બપોરના અઢી વાગી ગયા હોઇ દવાખાનુ બંધ હશે તેમ કહેતાં હું ત્યાં આગળ ઉભી હતી. આ વખતે એક અજાણી મહિલા આવી હતી અને તેણે મને ચાલો હું તમને દવાખાને લઇ જા તેમ કહેતાં હું તેની સાથે ચાલતી થઇ હતી.

આ મહિલા સાથે અન્ય એક પુરૂષ પણ હતો. થોડે આગળ જતાં ચાની કેબીન આવતાં મને આ બંનેએ ચા પીવાડવી હતી. થોડીવાર બાદ મારુ માથું ભારે થવા માંડ્યું હતું. એ પછી હું એ બહેનની પાછળ ચાલવા લાગી હતી. તેની સાથેનો શખ્સ પાછળ પાછળ ટુવ્હીલર વાહન લઇને આવતો હતો. આ બંને મને મવડી તરફ લઇ ગયા હતાં. આગળ જતાં એ ભાઇએ મને સોડા પીવડાવી હતી. એ પછી મને વધુ માથુ દુઃખવા માંડ્યું હતું. બાદમાં મહિલાએ મને મવડી કણકોટ ડ્રીમ સીટી ચોક નજીક અવાવરૂ જગ્યાએ રેતીના ઢગલા પાસે બેસાડી થોડીવાર નીંદર કરી લેવાનું કહ્યું હતું. પરંતુ મે ના પાડતાં એ અજાણી મહિલાએ મને લાફા મારી લીધા હતાં. બાદમાં તેણે તમારા હાથમાં પાટલા સોનાના છે? તેમ પુછતાં મેં ના પાડી હતી. ત્યારબાદ કાનની બુટી વિશે અને નાકના દાણા વિશે પુછ્યું હતું. ત્યારબાદ હું અર્ધબેભાન જેવી થઇ જતાં આ બંને જણા મારા કાનમાંથી બુટી, નાકનો દાણો, પાકીટમાંથી ચારસો રોકડા લઇ ભાગી ગયા હતાં.

હું ભાનમાં આવી હતી ત્યારે આસપાસમાં કોઇ દેખાતુ ન હોઇ ઘેન ચડી જતાં ફરી સુઇ ગઇ હતી. છેક બીજા દિવસે સવારે સાડા દસેક વાગ્યે ભાનમાં આવી હતી પણ ઉભી થઇ શકતી નહોતી. રાહદારી નીકળતાં ૧૦૮ બોલાવી મને સારવાર માટે ખસેડી હતી. મને ઘેની ચા-સોડા પાઇ અર્ધબેભાન કરી લાફા મારી ૧૬ હજારની બુટી, પાંચસોનો દાણો અને રોકડા ૪૦૦ લૂંટી લીધા હતાં. બાદમાં મેં પોલીસને જાણ કરી હતી.

આ રીતનો જ બીજો લૂંટનો બનાવ એ-ડિવીઝન પોલીસમાં નોંધાયો હતો. જેમાં માધાપર આંબેડકરનગર-૧માં રહેતાં ત્રેસઠ વર્ષના નાથીબેન ડાયાભાઇ પરમાર તા. ૨૩/૧૨/૨૪ના વિધવા પેન્શન બંધ થઇ ગયું હોઇ જેથી એકલા માધાપરથી રિક્ષામાં બેસી જુની કલેક્ટર કચેરીએ આવ્યા હતાં. અહિ કામા પુરુ કરી ચાલીને મોચીબજાર ચર્ચ સામે આવતાં મને ચક્કર આવતાં નજીકમાં હનુમાનજીના મંદિર પાસે બેસી ગયા હતાં. એ પછી તેમના દિયર હીરાભાઇ સાથે ફોનમાં વાત કરતાં હતાં ત્યારે અજાણ્યા એક બહેન અને એક ભાઇ મારી પાસે આવ્યા હતાં અને કહેલુ કે-ડોસીમા તમને ચક્કર આવતા હોય તો બેસો તેમ કહી અજાણ્યા શખ્સે હું તમારા દિયર હીરાભાઇને ઓળખુ છું કહી વાત કરી હતી. બાદમાં તે નજીકની દુકાનેથી લચ્છી લાવ્યો હતો અને પીવડાવી હતી. લચ્છી પીધાબાદ નાથીબેન અર્ધબેભાન થઇ ગયા હતાં. આ પછી અજાણી મહિલાએ મારા કાનમાંથી બુટીયા ખેંચી કાઢવા બળજબરી કરતાં મેં તેને અટકાવતાં મને લાફમા મારી લીધા હતાં. એ પછી હું સાવ બેભાન થઇ ગઇ હતી. ભાનમાં આવ્યા બાદ હું હોસ્પિટલમાં હતી. મારા કાનમાંથી સોનાના ૬૦ હજારના બુટીયા-નખલી, ચાંદીના ૨૦ હજારના સાંકળા અને મારો મોબાઇલ ફોન ગાયબ હતાં. કુલ ૧,૦૭,૦૦૦ની મત્તા અજાણ્યો પુરૂષ અને મહિલા લૂંટી ગયા હતાં. મારા દિયરને મેં વાત કરી હતી અને અમે શોધખોળ કરતાં હતાં. એ પછી પોલીસને જાણ કરી હતી.

આવા જ પ્રકારે ત્રીજી લૂંટની ઘટનાને પણ અંજામ અપાયો હતો. આ બનાવ પણ એ-ડિવીઝન પોલીસની હદમાં બન્યો હતો. આ અંગે મોચી બજાર તીલક પ્લોટ-૧ આઇપી મિશન સ્કૂલ પાસે રહેતાં પાંસઠ વર્ષના જાનાબેન હરિભાઇ ખીમસુરીયાની ફરિયાદ પરથી અજાણ્યા સ્ત્રી-પુરૂષ સામે ગુનો દાખલ કરાયો છે. જાનાબેને જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છે. મારા પતિ હયાત નથી. ૧૩/૧/૨૫ના બપોરે દોઢેક વાગ્યે હું ઘરેથી જ્યુબીલી શાક માર્કેટમાં બકાલુ લેવા ગઇ હતી. નાગરિક બેંક પાસે દેનાબેંક નજીક બકાલુ લેતી હતી ત્યારે અજાણી મહિલા આવી હતી અને કહેલુ કે-તું મારી દિકરી છે, મારે તને ઠંડુ પીવડાવવું છે. આમ કહી મને લચ્ચછી અને ગુલાબ સરબત પીવડાવ્યા હતાં. આ ઠંડાપીણા પીધા બાદ હુ.અર્ધબેભાન થઇ ગઇહતી. બાદમાં આ મહિલાએ મારા કાનમાંથી બળજબરીથી બુટીયા ખેંચતા મેં અટકાવતાં મને ફડાકા મારતાં હું બેભાન થઇ ગઇ હતી. ત્યાર પછી ભાનમાં આવી ત્યારે સિવિલ હોસ્પિટલમાં હતી. મેં તપાસ કરતાં કાનમાંથી ૬૦ હજારના દસ ગ્રામના બે બુટીયા, પાકીટમાં રાખેલી રૂા. ૨૦ હજારની સોનાની બુટી અને રોકડા ૫૦૦ મળી ૮૦૫૦૦ની મત્તા ગાયબ હતી. ભાનમાં આવી મેં બનાવની જાણ મારા દિયર દિનેશભાઇ ખીમસુરીયાને કરતાં અમે તપાસ કરી હતી અને બાદમાં પોલીસને જાણ કરી હતી. આ બંને બનાવમાં પીએસઆઇ ડી. વાય. મહંતે ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે. આવો જ એક ગુનો ગત ડિસેમ્બર મહિનામાં ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયો હતો. આ ચારેય ગુનાની તપાસ તાલુકા પોલીસ, ગાંધીગ્રામ પોલીસ અને એ-ડિવીઝન પોલીસ તથા એલસીબી દ્વારા હાથ ધરાઇ હતી. દરમિયાન તાલુકા પોલીસને સફળતા મળી છે. શકમંદ જણાતા સ્ત્રી-પુરૂષને સકંજામાં લઇ વિશેષ પુછતાછ હાથ ધરવામાં આવી છે. તમામ ભેદ ઉકેલાઇ જવાની આશા છે. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી.એમ. હરીપરા, પીએસઆઇ બી. આર. ભરવાડ, હરપાલસિંહ જાડેજા, કૌશલેન્દ્રસિંહ સહિતની ટીમ વિશેષ તપાસ કરી રહી છે. વધુ ભેદ ખુલવાની પણ પોલીસને આશા છે. બંને ઠગ સ્ત્રી-પુરૂષની વિધીવત ધરપકડ બાદ વધુ વિગતો ખુલશે.

**એક વૃધ્ધાને તો ઘેનની એવી અસર થઇ કે સંક્રાતિએ બેભાન થયા બાદ બીજા દિવસે ભાનમાં આવ્યાઃ એક વૃધ્ધાને મહિલાએ 'તું મારી દિકરી છો, તને ઠંડુ પાવું છે' કહી બેભાન કર્યાઃ એક વૃધ્ધાને તમારા દિયરને હું ઓળખુ છું...ચક્કર આવતાં હોય તો બેસો કહી ઘેની લચ્છી પીવડાવી લૂંટ ચલાવી'તી**

# પતિના મૃત્યુના વિરહમાં પત્નીનો આપઘાત

## હાથીખાના વિસ્તારમાં ગૌરીબેન સમંતએ ગળાફાંસો ખાધો



રાજકોટ મીરર, તા.૧૭

પતિના અવસાન બાદ ડિપ્રેશનમાં પત્નીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. શહેરનાં હાથીખાના વિસ્તારમાં બનાવ બન્યો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

વધુ એક બનાવમાં હાથીખાના શેરી નં-૬ મા રહેતાં ગૌરીબેન મનદીપભાઈ સમંત (ઉ.વ.૫૦) નામની મહિલાએ કાલે બપોરના પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. બનાવની જાણ પરિવારને થતાં તુરંત ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે પહોંચી મહિલાને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે એ ડિવિઝન પોલીસને જાણ થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આપઘાત કરનાર ગૌરીબેનના પતિ બે વર્ષ પહેલાં અવસાન પામ્યા હતા. પતિના અવસાન બાદ તેણી ચિંતામાં અને ડિપ્રેશનમાં રહેતી હોય જેથી તણાવમાં આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# PDU મેડિકલ કોલેજમાં આજથી બે દિવસીય 'સોમાકોન' કોન્ફરન્સ

રાજકોટ, તા.૧૭

રાજકોટ પી.ડી.યુ. મેડિકલ કોલેજના એનેટોમી વિભાગ દ્વારા આજથી બે દિવસીય 'સોમાકોન' - ૨.૦ કોન્ફરન્સનું આયોજન ૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ રાજકોટ સિવિલ કેમ્પસ સ્થિત પી.ડી.યુ. મેડીકલ કોલેજ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગે અમેરિકાના મેડિકલ એનેટોમીના ખ્યાતનામ ડો. શેન ટબ્સની પ્રેરક ઉપસ્થિતિમાં આજરોજ સી.એમ.ઈ. અંતર્ગત પ્રિ-કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રિવર્સ ટ્રાન્સલેશન રિસર્ચ વિષયક સ્પીચ તેમજ પેપર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતાં. આ પ્રિ-કોન્ફરન્સમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતાં.

બે દિવસીય 'સોમાકોનનો સાંસદ રામભાઈ મોકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થશે. જેમાં એનેટોમી વિભાગ સંલગ્ન કોન્ફરન્સમાં વિખ્યાત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ૨૦૨૫-૨૬ વર્ષ માટે સોમાકોન કોન્ફરન્સ માટે ડો. એસ પી રાઠોડને પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કોન્ફરન્સને સફળ બનાવવા મેડીકલ કોલેજના ડીન ડો. ભારતી પટેલ, ડો. આશિષ પંડ્યા સહીત કોલેજના અન્ય વિભાગો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

# રસોઈ બનાવવા બાબતે માતાએ ઠપકો આપતાં પુત્રીનો આપઘાત

## આજી જીઆઈડીસીમાં આવેલ ખોડીયાર નગરનો બનાવઃ વિદ્યાર્થીની ધોરણ ૧૦ માં કરતી હતી અભ્યાસઃ પરિવાર શોકમય

રાજકોટ તા.૧૭

વર્તમાન યુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટમાં બની હતી. શહેરનાં આજી જીઆઈડીસીમાં આવેલ ખોડીયાર નગરમાં રહેતી ૧૬ વર્ષિય વિદ્યાર્થીનીને રસોઈ બનાવવા બાબતે માતાએ ઠપકો આપતાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આજી જીઆઈડીસીમાં ખોડીયાર નગર- ૧૬ માં રહેતી વસિંતા હસમુખભાઈ માધર (ઉ.વ.૧૬) નામની વિદ્યાર્થીનીએ કાલે બપોરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરિવારને થતાં દેકારો મચાવ્યો હતો. તાકિદે ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ ની ટીમ દોડી ગઈ હતી. અને વિદ્યાર્થીનીને જોઈ તપાસી મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી.

બનાવ અંગે થોરાળા પોલીસને જાણ થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં આપઘાત કરનાર વસિંતા ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી હતી. તેણીનાં માતાએ રસોઇ બનાવવા બાબતે ઠપકો આપતાં જેનું લાગી આવતા પુત્રીએ આપઘાત કરી લીધો હતો. બનાવ પગલે તેણીના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

# વાહન અકસ્માતની ઘાતઃ રાજકોટ, હલેન્ડાના બે લોકોના મોત

## શાપર પાસે ટ્રકે મોટરસાઇકલને ઉલાળતાં આફ્રિકા કોલોનીના એકાઉન્ટન્ટ રાજેશભાઇ શેઠનું અને ભાડલા પાસે વાહને ઉલાળતાં હલેન્ડાના જેન્તીભાઇ પરમારનું મોત

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ અલગ અલગ સ્થળે વાહન અકસ્માતની ઘાત નડી જતાં રાજકોટના આફ્રિકા કોલોનીના એકાઉન્ટન્ટ પ્રૌઢ અને હલેન્ડાના પ્રૌઢના મોત થયા હતાં. શાપર વેરાવળ નજીક ખોડિયાર હોટેલ પાસે ટ્રકની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક એકાઉન્ટન્ટ પ્રૌઢનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. જ્યારે ભાડલા નજીક હિટ એન્ડ રનની અન્ય એક ઘટનામાં હલેન્ડાના પ્રૌઢનો જીવ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર નજીક આફ્રિકા કોલોનીમાં રહેતાં પંચાવન વર્ષના રાજેશભાઇ જયંતિલાલ શેઠ મોટરસાઇકલ હંકારીને શાપર નોકરીએ જતાં હતાં ત્યારે ખોડિયાર હોટેલ નજીક ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

મૃત્યુ પામનાર રાજેશભાઇ ચાર બહેનના એકના એક નાના ભાઇ હતાં. તેમને સંતાનમાં એક પુત્ર છે. પોતે એકાઉન્ટનું કામ કરતાં હતાં અને શાપર ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં હતાં. સવારે નોકરીએ જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરૂધ્ધ શાપર પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

બીજા બનાવમાં ભાડલાના રાજાવડા અને વાવડી વચ્ચે હિટ એન્ડ રનની ઘટનામાં હલેન્ડાના પ્રૌઢનું મોત થયું છે. સરધાર તાબેના હલેન્ડા ગામે રહેતાં પચાસ વર્ષના જેન્તીભાઇ પોલાભાઇ પરમાર સાંજે આઠેક વાગ્યે મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે રાજાવડા-વાવડી વચ્ચે કોઇ વાહનની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર જેન્તીભાઇ કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ છ ભાઇ અને પાંચ બહેનમાં નાના હતાં. કમળાપુર કામ માટે ગયા હતાં. ત્યાંથી ઘરે આવી રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. ભાડલા પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.






**અન્ય બનાવમાં બેડી વાછકપરના યુવાનનો ઝેર પી આપઘાતઃ બી. ટી. સવાણી હોસ્પિટલ પાસે સિક્યુરીટી ગાર્ડનું ઢળી પડતાં મોત**

જ્યારે અપમૃત્યુની અન્ય એક ઘટનામાં મોરબી રોડ પર આવેલા વાછકપર બેડી ગામે રહેતાં પચ્ચીસ વર્ષના ભરતભાઇ ખોડાભાઇ બાબરીયા નામના યુવાને ગત આઠમી ડિસેમ્બરના રોજ વાડીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ સિવિલ હોસ્પિટલમાં આજે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ભરતભાઇ બે ભાઇ અને બે બહેનમાં ત્રીજો હતો અને કારખાનામાં મજૂરી કરતો હતો. તેને સંતાનમાં બે પુત્ર તથા બે પુત્રી છે. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ચોથા બનાવમાં યુનિવર્સિટી રોડ પર બી. ટી. સવાણી હોસ્પિટલ નજીક બપોરે એક પ્રૌઢ એકાએક ઢળી પડતાં અને બેભાન થઇ જતા ૧૦૮ના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. યુનિવર્સિટી પોલીસને જાણ થતાં પીએસઆઇ ડી. આર. રત્નુએ પહોંચી તપાસ કરી હતી. મૃતકે સિક્યુરીટીનો ડ્રેસ પહેર્યો હોઇ તેના આધારે ઓળખ મેળવવા તપાસ થતાં તેઓ અગાઉ નજીકની હોસ્પિટલમાં તેઓ સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું અને તેમનું નામ સત્તાવન વર્ષના નયનભાઇ ભનુભાઇ બોરીસાગર હોવાનું ખુલ્યું હતું. તે મુળ ભાવનગરના વતની હતાં. અહિ એકલવાયુ જીવન જીવતાં હતાં.

# બિલખામાં સજોડે ઝેર પી લેનાર યુવક-યુવતિમાંથી યુવતિનું રાજકોટમાં મોત

## દસ દિવસ પહેલા સિતાણાની યુવતિ અને મજેવડીનો યુવાન ઝેર પી ગયા હતાંઃ યુવતિ નર્સિંગની છાત્રા હતીઃ પરિવારમાં શોક

રાજકોટઃ દસ દિવસ પહેલા જુનાગઢ પંથકના અલગ અલગ ગામના યુવક-યુવતિએ બીલખાના બસ સ્ટેશનમાં ઝેરી દવા પી લીધી હતી. બંને રાજકોટ સારવાર હેઠળ હોઇ અહિ યુવતિનું મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર જુનાગઢના માણાવદર તાબેના સિતાણા ગામની ઓગણીસ વર્ષની પ્રિયંકા દિલીપભાઇ કાથડ અને મજેવડી રહેતાં બાવીસ વર્ષના ધર્મેશ રાજેશભાઇ મકવાણાએ ગત દસમીએ બપોરે એકાદ વાગ્યે બિલખાના બસ સ્ટેશનમાં ઝેરી દવા પી લેતાં બંનેને જુનાગઢ અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. દસ દિવસની સારવારને અંતે યુવતિ પ્રિયંકાનું મૃત્યુ થયું હતું.

વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર મૃત્યુ પામનાર પ્રિયંકા અને સારવારમા રહેલા ધર્મેશે ગત તા. ૧૦/૧/૨૫ના રોજ બિલખાના બસ સ્ટેશનમાં ઝેરી દવા પી લેતાં બંનેને સારવાર માટે ખસેડાયા હતાં. જુનાગઢથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતાં. અહિ પ્રિયંકાનું મૃત્યુ થતાં પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. અંતિમ શ્વાસ લઇ લેનારી પ્રિયંકાએ બીએસસી કર્યા બાદ નર્સિંગનો અભ્યાસ કરતી હતી. તે ત્રણ બહેન અને એક ભાઇમાં ત્રીજી હતી. પિતા કડીયા કામ કરે છે. ધર્મેશ ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઇ છે. પિતા મજુરી કામ કરે છે. તે સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇનસ. રામશીભાઇ, ભાવેશભાઇ, અશ્વિનભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જુનાગઢ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# મનપાનો વેરા વસુલાત વિભાગ થયો "ઘાંઘો"

> ટાર્ગેટ પૂરો કરવા વિભાગના હવાતીયા રિકવરી બદલે બાકી લેણાની રકમમાં થઈ રહ્યો છે ઉતરોતર વધારો



> માત્ર પીડીસી ચેક લઈ કે પછી મિલકત સીલ કરી માનવામાં આવે છે સંતોષ : બાકી લેણાની ભરપાઈ થાય તો ટાર્ગેટ પૂરો કરવો સરળ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા હાલ અનેક મુદ્દે ચર્ચાનું કેન્દ્ર સ્થાન બન્યું છે મહત્વનું એ છે કે મહાનગરપાલિકાના દરેક વિભાગ આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરે અને યોગ્ય પગલાલીયે તે ખૂબ જરૂરી છે. અત્યાર સુધી વિભાગ અને મહાનગરપાલિકા એક વાતનું જ રટણ કરે છે કે તેમનો હેતુ એ છે કે રાજકોટના લોકોને મહત્તમ લાભ મળે અને મહત્તમ સુખ સુવિધા મળતી રહે પરંતુ આજ દિન સુધી હજુ એ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ઊલટું આર્થિક નુકસાની નો સામનો મહાનગરપાલિકાએ કરવો પડે છે હાલ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત ઝુંબેશને તીવ્ર કરવામાં આવી છે પરંતુ લક્ષ્યાંક સુધી પહોંચવા માટે હજુ વિભાગ ઘણું દૂર છે આ મુદ્દે જ્યારે ચર્ચા વિચારણા કરવામાં આવી ત્યારે એ વાત સ્પષ્ટ થઈ છે કે વેરા વસુલાત વિભાગ દ્વારા જે સમયસર પગલાં લેવા જોઈએ તે લેવામાં આવ્યા નથી અને ઘણા ખરા અંશે જે સ્થિતિનું નિર્માણ થવું જોઈએ અને જે કડકાઈ દાખવી જોઈએ તે પણ દાખવવામાં આવી નથી. કામ સ્વરૂપે હાલ દરેક મિલકત ધારક કે જેનો વેરો બાકી છે તેવા લોકો આગળ આવતા નથી અને પોતાના ફેરો ભરતા નથી જેને લઈને જે બેક લોગ છે તેમાં પણ અનેક ગણો વધારો થયો છે.

## ૮૦૦ થી વધુ એવી મિલકતો કે જેનો વેરો એક લાખથી વધુ

રાજકોટ શહેરમાં ૮૦૦ થી વધુ એવી મિલકતો છે કે જેનો વેરો એક લાખથી વધુનો બાકી હોય ત્યારે આ અંગે હજુ સુધી કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા ન હોવાનું વિભાગ્ય સૂત્રો જણાવી રહ્યા છે એટલું જ નહીં તેમના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં જો આ અંગે કોઈ નક્કર કામગીરી કરવામાં નહીં આવે તો ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થશે બીજી તરફ જે બાકી લેણા છે જેની રકમ ખૂબ મોટી છે તેની વસુલાત હવે મહાનગરપાલિકાએ સર્વપ્રથમ કરવી જોઈએ તો જ લક્ષ્યાંક સુધી પહોંચી શકાશે પરંતુ વેરાવસુલા વિભાગની કામગીરીને લઈને હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તે અકલ્પનીય છે અને સતત વિભાગની કામગીરી ઉપર પ્રશ્નનો મારો થઈ રહ્યો છે.

મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગને કુલ ૪૧૦ કરોડનો વેરો નો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે જેને પૂર્ણ કરવા માટે હાલ વિભાગ દ્વારા હોવાથી આ મારવામાં આવી રહ્યા છે છતાં પણ જે આવક થવી જોઈએ તે થઈ શકતી નથી. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ શાસક પક્ષના નેતા દ્વારા પણ વેરા વસુલાત વિભાગને અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા છે પરંતુ મહત્વનું એ છે કે નબળી અને ઢીલી કામગીરીના કારણે આજ દિન સુધી જે આવકમાં વધારો થવો જોઈએ તેના બદલે વસુલાત નો આંકડો સતત વધી રહ્યો છે જેને લક્ષ્યાંન્મિત કરવા માટે વિભાગને એડી ચોટીનું જોર લગાવવું પડશે છતાં પણ તે કાર્ય પૂર્ણ થાય તેવી કોઈ સ્થિતિ અત્યારે જોવા મળતી નથી.

વેરાવળ સુલત વિભાગ ની જો વાત કરવામાં આવે તો જે કોઈ મિલકત ધારકને વેરો ભરવાનો બાકી છે તેની યાદી તૈયાર કરી લેવામાં આવી છે અને તેઓને બીલકમ ડિમાન્ડ નોટિસ ની બજવણી પણ કરી દેવાય છે. મહત્વનું એ છે કે ૫૦૦૦૦ થી વધુ રકમ તેની બાકી હોય તેવા ૧૩,૦૦૦ થી વધુ બાકી દારૂને આ નોટિસની રૂબરૂ બજવણી કરવામાં આવેલી છે એટલું જ નહીં રૂબરૂ નોટિસ આપવામાં આવેલી હોય અને છતાં વેરો ન ભર્યો હોય તેવા બાકીદારોને જપ્તી અંગેની નોટીસ આપવામાં આવી છે અને તે આંકડો ૫૭૬૧ એ પહોંચ્યો છે. બીજી તરફ જપ્તીની નોટિસ આપ્યા બાદ પણ બિલ ની ભરપાઈ કરવામાં આવી ન હોય તેવા ભાગીદારોની મિલકતને સીલ કરી દેવામાં આવી છે આ મિલકતો નો આંકડો ૧૪૫૦ એ છે જેમાં ૮૬૮ મિલકતો માં વસૂલાત કરવામાં આવી જ્યારે ૫૦૦૮૨ મિલકતો ને સીલ કરાઈ છે. હાલ સંબંધ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર જે મિલકતોને સીલ કરવામાં આવી છે તે મિલકતોની હરાજી કરવા માટે હવે વિભાગ આગામી દિવસોમાં પગલાં લેશે પરંતુ મહત્વનું અને જરૂરી તો એ છે કે જ્યારે લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો તે સમયથી જ જો વેરાવસલા દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા હોત તો આજે આ પરિસ્થિતિનું નિર્માણ ન થાત. વેરા વસુલાત વિભાગની ઢીલીતીના કારણે હાલ ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. બીજી તરફ ૨૬ એવી સરકારી કચેરીઓ છે કે જેઓએ મહાનગરપાલિકાને તેમનો વેરો ચૂકવવાનો હોય છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ ની ઉઘરાણીની વાત કરવામાં આવે તો આ આંકડો ૯૦ કરોડ એ પહોંચી ગયો છે પરંતુ તજજ્ઞનું માનવું છે કે વેરા વસુલાત વિભાગ અને મહાનગરપાલિકા આ વિભાગ પાસેથી એવું એક પણ કાર્ય કરાવી શકી નથી અથવા તો રિકવરી ઝુંબેશમાં એવા કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી જેનાથી આ તમામ સરકારી વિભાગો દ્વારા વેરાની ભરપાઈ કરવામાં આવે. એક તરફ સામાન્ય મિલકત ધારક કે જેને ૫૦૦૦ કે ૧૦,૦૦૦ નો વેરો બાકી હોય તેના પર દંડની જોગવાઈ કરવામાં આવે છે ત્યારે જેના કરોડ કરોડ રૂપિયા વેરા પેટે બાકી હોય તેવા એક પણ વિભાગમાં મહાનગરપાલિકા અથવા તો વેરાવસ વિભાગે કોઈ કામગીરી કરી નથી જે અનેક પ્રશ્નો ઊભા કરે છે. સરકારી વિભાગની વાત કરવામાં આવે તો રેલવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સમરસ હોસ્ટેલ ની સાથો સાથ કલેક્ટર ઓફિસ અને સીટી પોલીસ નો વેરો ૧૦ કરોડથી વધુનો છે જો આ વેરાની ભરપાઈ કરી દેવામાં આવે તો ૪૧૦ કરોડના લક્ષ્યાંકને મહાનગરપાલિકા ખૂબ સરળતાથી પહોંચી જાય પરંતુ આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છતાં અધિકારીઓ ટસ ના મસ થતા નથી. અને ભોગવવું પડે છે સામાન્ય પ્રજાએ.

### સરકારી વિભાગોના બાકી વેરાની વિગત

| | |
|---|---|
| ૧.રેલ્વે | ૧૭.૩૧ કરોડ |
| ૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | ૧૬.૭૭ કરોડ |
| ૩. સમરસ હોસ્ટેલ | ૧૩.૩૦ કરોડ |
| ૪. કલેક્ટર ઓફિસ | ૧૩.૯૪ કરોડ |
| ૫. સીટી પોલીસ | ૧૦.૫૪ કરોડ |
| ૬. પીડબલ્યુડી | ૯.૭૩ કરોડ |
| ૭. મેડિકલ કોલેજ | ૧.૬૧ કરોડ |
| ૮. પાણી પુરવઠા બોર્ડ | ૧.૪૦ કરોડ |
| ૯. બીએસએનએલ | ૧.૫૬ લાખ |
| ૧૦. કેન્દ્રીય વિદ્યાલય | ૮૧.૮૧ લાખ |
| ૧૧. સિવિલ હોસ્પિટલ | ૬૮.૬૧ લાખ |
| ૧૨. નવી કોર્ટ | ૫૭.૮૭ લાખ |
| ૧૩. જૂની સિવિલ કોર્ટ | ૪૩.૮૫ લાખ |
| ૧૪. જિલ્લા રમત ગમત ઓફિસ | ૩૨.૩૮ લાખ |
| ૧૫. એ.જી ઓફિસ | ૩૦.૧૨ લાખ |
| ૧૬. ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ૨૧.૬૩ લાખ |
| ૧૭. નર્સિંગ કોલેજ | ૨૦.૪૨ લાખ |
| ૧૮. ગવર્મેન્ટ પ્રેસ | ૧૯.૭૩ લાખ |
| ૧૯. પોસ્ટ ડેપો | ૧૭.૮૦ લાખ |
| ૨૦.સર્વે ઓફિસ | ૧૬.૧૧ લાખ |
| ૨૧. આઈટીઆઈ ભાવનગર રોડ | ૧૩.૬૦ લાખ |
| ૨૨. ESIC | ૧૩.૪૦ લાખ |
| ૨૩. જિલ્લા પંચાયત | ૧૨.૧૦ લાખ |
| ૨૪. અભિલેખાગાર | ૧૦.૮૪ લાખ |
| ૨૫. નાયબ નિયામક વિકસતી જાતિ | ૮.૭૫ લાખ |
| ૨૬. યાંત્રિક વિભાગ | ૭.૩૯ લાખ |
| ફુલ | ૮૯ કરોડ |

# જંત્રી અમલીકરણ પહેલા પુરતો સમય આપો : રેવન્યુ બારની માંગ

## વિદેશથી આવતા લોકો માટે તત્કાલ સ્લોટની દસ્તાવેજ સુવિધા પણ શરુ કરવા રજૂઆત

રાજકોટ તા.૧૭

વિદેશથી આવતા લોકો માટે દસ્તાવેજ માટે તત્કાલ સ્લોટની સુવિધા ઉભી કરવા તેમજ જંત્રીની અમલવારી પહેલા પુરતો સમય આપવા રાજકોટ રેવન્યુ બાર એસોશિયેશન દ્વારા માંગ કરાઈ છે.

રાજકોટના નોંધણી નિરીક્ષક કચેરીના એઆઈજીઆર અજયકુમાર એસ.ચારેલને આજે આવેદન આપી આ બંને માંગણીઓ સંદર્ભે યોગ્ય કરવા રજૂઆત કરવામાં આવી છે.

આજે રેવન્યુ પ્રેક્ટિસ કરતા વકીલો દ્વારા રેવન્યૂ અંગે લોકોને સ્પર્શતા તેમજ દસ્તાવેજ ઓનલાઇન ડ્રાફટિંગમાં ઊભી થતી મુશકેલીઓ અંગે આવેદન આપી માંગ કરી હતી કે, ગરવી સોફ્ટવેર યુઝર ફ્રેન્ડલી બનાવવાની જરૂરિયાત હોવાનું કહેવું ઉચિત છે.

પરંતુ આ માટે થોડા ફેરફારની જરૂર છે જેમાં હાલના સોફટવેરમાં વર્ષ ૨૦૨૫ ની અગાઉના વર્ષની પીડીઈ એપ્લિકેશન કોપી થઈ શકતી ન હોય એક જ સરખા પ્રોજેક્ટના દસ્તાવેજમાં રીપીટેડ વર્કમાં હજારો માનવ કલાકો માનવ શક્તિની ઉર્જા વેડફાઈ રહી છે. દસ્તાવેજનું વેલ્યુએશન ઓટોમેટિક તૈયાર થવું જોઈએ તે હાલમાં ન થતું હોવાથી પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

દસ્તાવેજની સ્કેન સાથેની કામગીરી પૂર્ણ થયા બાદ આ અંગે મેસેજથી ખરીદનારને જાણ થવી જોઈએ જે કરાતી નથી. દસ્તાવેજની એપ્લિકેશનમાં કોપી સંપૂર્ણ વિગત સાથે થવી જોઈએ જેથી કરીને એક સરખી મિલકતની વિગતવાળાં પ્રોજેક્ટના દસ્તાવેજમાં બિનજરૂરી હેરાનગતિ અટકાવી શકાય. દસ્તાવેજની નોંધણી માટે દરેક ઝોનમાં ઇન્ડેક્ષના ગામનું નામ પસંદ કરવાનું હોય છે. જેમાં દરેક ઝોનમાં અલગ અલગ ગામમાં એક જ ગામમાં એક કરતાં વધારે વિભાગ આવેલ છે.

ઉદાહરણ તરીકે મવડી ૧-૨-૩, રૈયા ૧-૨-૩, તેમજ રાજકોટ શહેરમાં પણ એક જ વોર્ડમાં એક કરતાં વધારે વિભાગ આવેલ છે જેથી એક જ મિલકતના રજીસ્ટર દસ્તાવેજો અલગ અલગ ગામની ઈન્ડેક્સમાં નોંધવામાં આવે છે જેથી કોઈપણ ગામની સર્ચ કરતા સમયે દરેક વિભાગમાં અલગ અલગ સર્ચની ફી ભરી સર્ચ કરવી પડે છે. જેથી ગામ મુજબ એક જ વિભાગમાં આપવામાં આવે અથવા કોઈ ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવે. ઉદાહરણ તરીકે સર્વે નંબર એક થી.. સુધી, મવડી -૧ સર્વે નંબર... થી .., મવડી -૧ સર્વે નંબર ... થી ., મવડી -૨ સર્વે નંબર . થી ., જેથી કોઈપણ મિલકતની સર્ચ કરવામાં સરળતા રહે આ વાતની ગંભીર નોંધ લેવી જોઈએ.

હાલમાં યુએલસીમાંથી નીકળી ગયેલ જમીનો અંગે સબ-રજીસ્ટ્રાર દ્વારા કલેકટર ઓફિસમાંથી વેરીફાઈ કરાવે છે. તેમાં દસ્તાવેજ અપોઈન્ટમેન્ટ લીધા બાદ કલેકટર ઓફિસ મોકલવામાં આવતું હોય અને તેમાં બહુજ વિલંબ થતો હોય અને બધા પક્ષકરોને નાણાકીય વહીવટમાં મુશ્કેલી પડતી હોય તે માટે માત્ર અરજીના આધારે યુએલસી વેરીફીય કરવી આપવી જોઈએ તેમજ માત્ર એકજ મિલકતના પૈકી ભાગ પુરતુજ વેરીફાય કરવાના બદલે સમગ્ર મિલકતનું એનઓસી આપવું જોઈએ

દસ્તાવેજથી મિલકત લેનાર અથવા વેચનાર જ્યારે વિદેશથી આવતા હોય ત્યારે ઘણી વખત સ્લોટ ન મળવાના કારણોસર તેઓને પ્લેનની ટિકિટ કેન્સલ થવાના અને બીજા ઘણા કારણોસર મુશ્કેલી અનુભવાતી હોય જેથી કરીને તત્કાલ સ્લોટની સુવિધા વધારાની ફી ચાર્જ કરીને આપવી જોઈએ જેમકે પાસપોર્ટ ઓફિસની અંદર પણ આ રીતે તત્કાલ સુવિધા ઉપલબદ્ધ છે તેમજ ગેજેટની અંદર પણ અવેલેબલ છે આમ વિદેશથી આવતા અને અન્યલોકો માટે તત્કાલ સ્લોટની સુવિધા રાખવી જોઈએ આવું કરવામાં આવે તો સરકારને આવક પણ વધશે અને લોકો ની સુવિધામાં પણ વધારો થશે

દસ્તાવેજ ઓનલાઈન પીડીએ બનાવતી વખતે વારંવાર ટાઈમ આઉટ થઈ જતી હોય એક દસ્તાવેજ બનાવવામાં બે થી વધારે કલાક થતો હોય યોગ્ય ફેરફાર કરવા જરૂરી છે. નવી જંત્રી અમલવારી કરતા પહેલા અમુક બાબતો ધ્યાને લેવામાં આવે તો સરવાળે સૌને ફાયદો થાય તેમ છે.




### ધીમે ધીમે જંત્રી વધારવા માંગ

જેમાં હાલની સૂચિત જંત્રીની ફૂલ કિમંતમાંથી ૨૫% જંત્રી મુજબ અમલવારી કરવાથી હાલની રિઅલ એસ્ટેટની બજારની પરિસ્થિતી મુજબ યોગ્ય રહેશે અને ત્યાર બાદ સમય સંજોગો મુજબ ધીમે ધીમે જંત્રી વધારવામાં આવે તો રિયલ એસ્ટેટની પરિસ્થિતીને સાનુકૂળ રહે અને તેના પર પડતી દુરોગામિ અસર નિવારી શકે અને સરકાર અને રીઅલ એસ્ટેટ સાથે સંકળાયેલા લોકો વચે એક પ્રકારની સુનિયોજિત પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે.

સુચિત જંત્રી અમલવારીમાં મુકતા પહેલા એક મહિનો પહેલા જંત્રી સર્વ લોકો જોઈ શકે તે રીતે ઉપલબ્ધ કરાવવો જેથી કરીને કંઈ વિશેષ સુધારા વધારા હોય તો તેની જાણ થઈ શકે

ઉપરોકત રજૂઆતમાં રાજકોટ રેવેન્યૂ બારના સેક્રેટરી વિજયભાઈ તોગડીયા, પંકજભાઈ દોંગા, અશ્વિનભાઈ રામાણી,વિમલભાઈ ડાંગર, સમીરભાઈ રાણીંગા, જયેશભાઈ વ્યાસ,જે.આર ફુલારા, તુષાર ગોસ્વામી, રાજેશભાઇ નસીત, હિતેશભાઈ રાદડિયા, અશ્વિનભાઈ કાનાણી,મનસુખભાઇ નાથાણી જગદીશભાઈ સોરઠીયા, ભાર્ગેવભાઈ ખૂંટ, વિવેક લીંબાણી,પરેશભાઈ પાદરિયા, સી એમ પટેલ,આનંદભાઈ પરમાર વિગરે જોડાયા હતા.

# આજે મનપાનું નીરસ બોર્ડ

## ૧૮ કોર્પોરેટરોએ કુલ ૩૮ પ્રશ્નો પૂછ્યા : કોંગ્રેસના બંને કોર્પોરેટરોએ એજન્ડા પ્રસિદ્ધના દિવસે જ પ્રશ્નો મૂક્યા હોવાની આવી વિગતો બહાર

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં આજે જનરલ બોર્ડ મળશે ત્યારે આ બોર્ડમાં એજન્ડા માટે કુલ ૯ દરખાસ્ત મુકવામાં આવેલી છે એટલું જ નહીં આ બોર્ડ બેઠકમાં ભાજપના ૧૬ કોર્પોરેટર હોય પ્રશ્ન પૂછ્યા છે જ્યારે વિપક્ષ એટલે કે કોંગ્રેસના બે કોર્પોરેટર કુલ છ પ્રશ્નો પૂછેલા છે ત્યારે આજે યોજાના જનરલ બોર્ડમાં કુલ ૩૮ પ્રશ્નોની યાદી છે પરંતુ જે રીતે દર વખતની જેમ એક જ પ્રશ્નમાં જનરલ બોર્ડ પૂરું કરી દેવામાં આવશે એટલું જ નહીં ભાજપના કોર્પોરેટરો દ્વારા જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તે જાણે સરકારી આંકડા હોય તે મુજબના છે એટલે આજે યોજનાર જનરલ બોર્ડ સંપૂર્ણ નિરાશ રહે તો પણ નવાઈ નહીં. જો પ્રશ્નોત્તરી અંગે વાત કરવામાં આવે તો ભાજપના કોર્પોરેટર હાર્દિક ગોહિલ દ્વારા પ્રથમ પ્રશ્ન પૂછવામાં આવશે જેમાં ભાજપના કુલ ૧૬ અને કોંગ્રેસના બે સભ્યોએ મળી ૩૮ પ્રશ્નો રજૂ કર્યા છે જેમ મોટાભાગે પ્રશ્નો એવા છે કે જેની માહિતી રેકર્ડ ઉપરથી મળી જતી હોય જ્યારે કોંગ્રેસે ટીપી સ્કીમ જેવા પ્રશ્નો પૂછ્યા છે પરંતુ આ પ્રશ્નો પૂછવાનો વારો જ જનરલ બોર્ડમાં નહીં આવે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

જનરલ બોર્ડમાં પ્રથમ પ્રશ્ન મોટામવા , માધાપર, મુજકા તથા મનહરપુર ગામમાં તંત્ર દ્વારા કરેલી કામગીરી, કરેલું બાંધકામ, ડ્રેનેજ વોટર વર્ક શાખા દ્વારા કરેલી કામગીરીની વિગતો માંગવામાં આવેલી છે જ્યારે બીજા ક્રમે ઈએસઆર તથા જીએસઆર ની સાથોસાથ નવા પંપીંગ સ્ટેશનના આયોજન, કોર્પોરેશન બિલ્ડીંગ પર સોલાર રૂફટોપ, વેરા વસુલાતમાં ટાર્ગેટ કેટલો બાકી સહિત મલેરીયા શાખાની છ માસની કામગીરી પણ પૂછવામાં આવી છે.

મળતી માહિતી મુજબ હાલ રાજકોટ શહેરમાં કેટલા આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે અને છેલ્લા છ મહિનામાં કેટલા લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો, રોડ ડિવાઈડર વચ્ચેના હોલ્ડિંગ ની મંજૂરી, સહિત અનેક એવા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે જેનો કોઈ નક્કર ફાયદો ન થાય તેવા છે અને આ તમામ પ્રશ્નો રેકોર્ડ ઉપર મળી જાય તેવા છે ત્યારે હવે પ્રશ્ન એ છે કે આ પ્રકારના પ્રશ્નો જનરલ બોર્ડમાં પૂછવાનો મતલબ શું. ? ચાલુ વર્ષની બાકી વેરાની વસુલાત, પાંચ લાખથી મોટા બાકીદારો હોય તેમની યાદી રાજકોટમાં ડ્રિંકિંગ વોટર ના કુલ કેટલા વિક્રેતાઓ છે અને તેમના માટે લેવામાં આવેલા સેમ્પલો ની યાદી સહિત અનેકવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. મહત્વની વાત તો એ છે કે આ જનરલ બોર્ડ નવયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા માટેનું પ્રથમ બોર્ડ હશે કારણકે તેઓએ હમણાં જ મહાનગરપાલિકાના કમિશનર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે અગાઉ તેઓએ જુનાગઢ મ્યુનિસિપલ કમિશનર તરીકે પણ કામ કરેલું છે પરંતુ રાજકોટમાં આઠ મહિના પહેલા અગ્નિકાંડ સર્જાયા બાદ મહાનગરપાલિકા નો વહીવટ થપ થઈ ગયો હતો અને આ અંગેની ફરિયાદ ઠેઠ કેન્દ્ર સરકાર દિલ્હી સુધી પહોંચી હતી ત્યારે ફરીથી આ કામગીરીને વેગ આપવા માટે હાલ સરકાર દ્વારા મ્યુનિસિપલ કમિશનર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

### આજની બોર્ડ બેઠકમાં સાત દરખાસ્તો

આજે મળનારી જનરલ બોર્ડ ડી બેઠકમાં કુલ સાત દરખાસ્તો મૂકવામાં આવેલી છે જેમાં વોર્ડ નંબર ૧૨ વાવડી પ્રધાનમંત્રી આવાસ યોજનાનું નામ મનસુખભાઈ છાપ્યા ટાઉનશિપ કરવા તથા કોમ્યુનિટી હોલ નું નામ રંજનબેન રાવલ કરવા માટે દરખાસ્ત મુકાય છે બીજી તરફ વોર્ડ નંબર ૧૧ મૌડીસ સ્મશાન પાસે જે ચોક આવેલો છે તેનું નામ કલ્પેશ સાગઠીયા ચોક રાખવા માટેની પણ દરખાસ્ત કરવામાં આવી છે. બીજી તરફ રેસકોર્સની શિબિર અને નાઈટ મેરાથન માટે વિનામૂલ્યે મેદાન આપવા ની સાથો સાથ પર્યાવરણ સુધારા અંગે પણ દરખાસ્તો મુકાય છે.